જુલાઈ ૨૦૨૩

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૫૦



વ્યવહારની બધી કડીઓ મળવી જોઈએ. એ બધી કડીઓ અમારી પાસે છે.
અમારી પાસે બોધકળા અને જ્ઞાનકળા, બન્નેય કળા છે.
બોધકળાથી વ્યવહાર ચોખ્ખો થાય અને જ્ઞાનકળાથી મુક્તિ થાય.

## વડોદરા : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૩ - ૧૪ મે ૨૦૨૩



## અડાલજ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૦ - ૨૧ મે ૨૦૨૩



## અડાલજ : હિન્દી શિબિર : તા. ૨૪ થી ૨૮ મે ૨૦૨૩



દર્શન

પુસ્તક વિમોચન

મૂર્તિઓની પ્રતિષ્ઠા

ગરબા

સત્સંગ - જ્ઞાનવિધિ

વર્ષ : ૨૮, અંક : ૧૧
સળંગ અંક : ૩૩૫
**જુલાઈ ૨૦૨૩**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2023,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## કલ્યાણાર્થે વ્યવહાર કળા શીખવે 'જ્ઞાની'

### સંપાદકીય

અક્રમ વિજ્ઞાનમાં પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) જ્ઞાનવિધિમાં મહાત્માઓને શુદ્ધાત્મા પદમાં બેસાડી દે છે. ત્યાર પછી આત્માની જાગૃતિમાં રહી જીવન વ્યવહાર પૂરો કરવા માટે પાંચ આજ્ઞા પણ આપે છે. છતાં આ તો કળિયુગનો વ્યવહાર, એટલો બધો ગૂંચવાયેલો હોય છે કે એક ગૂંચ ઉકેલતા બીજી સાત પડે.

જ્ઞાન પહેલા અને પછી શું દાદાશ્રીને વ્યવહાર નહોતો ? હતો જ, એમને પણ અનેક અડચણો આવી પણ એની સામે એમની વ્યવહારિક બોધકળા અને પોઝિટિવ દ્રષ્ટિ સાથે તેઓ ખૂબ સિફતથી આ સંસાર સાગર ઓળંગી શક્યા. તેઓ હંમેશાં કહેતા કે જ્યાં સુધી વ્યવહાર ચોખ્ખો ના હોય ત્યાં સુધી મોક્ષ નથી. જેમ જેમ ક્રોધ-માન-માયા-લોભ ઓછા થતા જાય, તેમ તેમ ગૂંચો ઉકેલવાની વ્યવહાર સૂઝ ખીલતી જાય.

વ્યવહાર ઉકેલવાના તારણમાં દાદાશ્રી હંમેશાં કહેતા કે કોઈ પણ સંજોગોમાં એડજસ્ટ થતા આવડે એનું નામ માણસ. જેને આ સંસારમાંથી છૂટવું હોય એ બધા સાથે એડજસ્ટ થઈ હળીમળીને રહે તો કોમનસેન્સ ઉત્પન્ન થાય. કોમનસેન્સવાળો ઘરમાં કે બહાર ક્યાંય ઝઘડો જ ના થવા દે. જ્યાં સામાને રાજી રાખવા કોઈ ઘાટ ના હોય કે કોઈ સ્વાર્થ પરિણામ ના હોય ત્યાં કમ્પ્લીટ કોમનસેન્સ ઉત્પન્ન થશે.

દાદાશ્રી પૂર્વેનું એવું સુંદર ડેવલપમેન્ટ લાવેલા કે કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવો એમનો 'પોઝિટિવ' અહંકાર હતો. નાનપણથી નિરંતર પારકાના સુખ અર્થે જ જીવન જીવ્યા. સામો અપકાર કરે, નુકસાન કરે એની સામે કાયમ ઉપકાર ભાવ જ કર્યો છે, તેથી સુપરહ્યુમન તરીકે ઓળખાયા. પોતાના ભાગનું સુખ જરૂર હોવા છતાં અડચણ વેઠીને બીજાને આપી દે, પોતાના માટે વિચારેય ના આવે તે કારુણ્યતા કહેવાય અને તેથી ફળશ્રુતિ રૂપે એમને આ જ્ઞાન પ્રગટ થયું.

દાદાશ્રી હંમેશાં કહેતા કે અમે આ સંસાર વ્યવહારની ગૂંચો ઉકેલવાની બહુ સૂક્ષ્મ શોધખોળ કરેલી. વ્યવહારમાં કેવી રીતે રહેવું અને સાથે મોક્ષમાં કેવી રીતે જવાય તેય આપીએ છીએ. તમારી વ્યવહારની અડચણો કેમ કરીને ઓછી થાય એ જ અમારો હેતુ છે.

પ્રસ્તુત અંકમાં જીવન જીવવાની વિવિધ બોધકળાઓમાંથી અમુક કળાનો વિશેષ ઉલ્લેખ થયો છે, જેમ કે એડજસ્ટમેન્ટ લેવાથી કોમનસેન્સ, સૂઝ ખીલશે અને આપણા થકી કોઈને દુઃખ ના હોજો, કાયમ સુખ હોજો એવા ભાવથી જ પોતાનું મહીલું સુખ ઊભરાશે. આપણે સહુ મહાત્માઓ જ્ઞાનીની આ બોધકળા સમજીને પોઝિટિવ દ્રષ્ટિ કેળવીએ, જેથી વ્યવહાર આદર્શ થાય અને મોક્ષમાર્ગે આત્મકલ્યાણાર્થે પુરુષાર્થમાં પ્રગતિ મંડાય એવી હ્રદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# કલ્યાણાર્થે વ્યવહાર કળા શીખવે 'જ્ઞાની'

## જગતને ફિટ થઈએ તો દુનિયા સરસ

સંસારમાં બીજું કશું ના આવડે તેનો વાંધો નથી, પણ એડજસ્ટ થતા તો આવડવું જોઈએ. સામો ડિસ્એડજસ્ટ થયા કરે ને આપણે એડજસ્ટ થયા કરીએ તો સંસારમાં તરી, પાર ઊતરી જશો. બીજાને અનુકૂળ થતા આવડે એને કોઈ દુઃખ જ ન હોય. એડજસ્ટ એવરીવેર !

વ્યવહારમાં રહ્યો એનું નામ કહેવાય કે જે 'એડજસ્ટ એવરીવેર' થયો ! હવે ડેવલપમેન્ટનો જમાનો આવ્યો. મતભેદ ના પાડવા ! એટલે મેં શબ્દ આપ્યો છે અત્યારે લોકોને, એડજસ્ટ એવરીવેર ! એડજસ્ટ, એડજસ્ટ, એડજસ્ટ !

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં રહેવાનું એડજસ્ટમેન્ટ એકપક્ષી તો ના હોવું જોઈએને ?

**દાદાશ્રી :** વ્યવહાર તો એનું નામ કહેવાય કે 'એડજસ્ટ' થઈએ એટલે પડોશીય કહે કે 'બધા ઘેર ઝઘડા છે, પણ આ ઘેર ઝઘડો નથી.' એનો વ્યવહાર સારામાં સારો ગણાય. જેની જોડે ના ફાવે ત્યાં જ શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ તો નબળાઈ છે. મારે બધા જોડે કેમ ફાવે છે ? જેટલા એડજસ્ટમેન્ટ લેશો તેટલી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જાય. સાચી સમજણ તો બીજી બધી સમજણને તાળા વાગશે ત્યારે જ થશે. સુંવાળા જોડે તો સહુ કોઈ એડજસ્ટ થાય પણ વાંકા-કઠણ-કડક જોડે, બધા જ જોડે એડજસ્ટ થતા આવડ્યું તો કામ થઈ ગયું. ગમે તેટલો નાગામાં નાગો માણસ હોય તો પણ તેની જોડે એડજસ્ટ થતા આવડે, મગજ ખસે નહીં તે કામનું ! ભડકે તો ચાલે નહીં. જગતની કોઈ વસ્તુ આપણને ફિટ થાય નહીં. આપણે એને ફિટ થઈએ, તો આ દુનિયા સરસ છે. અને એને ફિટ કરવા જઈએ તો દુનિયા વાંકી છે. એટલે એડજસ્ટ એવરીવેર ! આપણે એને ફિટ થઈએ તો વાંધો નથી.

**પ્રશ્નકર્તા :** ઘણી વખત એમ બને કે એક સમયે બે જણ સાથે એડજસ્ટમેન્ટ એક જ વાત પર લેવાનું હોય તો તે જ વખતે બધે શી રીતે પહોંચી વળાય ?

**દાદાશ્રી :** બેઉ જોડે લેવાય. અરે, સાત જણ જોડે લેવાનું હોય તેય લઈ શકાય. એક પૂછે, 'મારું શું કર્યું ?' ત્યારે કહીએ, 'હા બા, તારા કહ્યા પ્રમાણે કરીશું.' બીજાનેય એમ કહીએ, 'તમે કહેશો તેમ કરીશું.' 'વ્યવસ્થિત'ની બહાર થવાનું નથી, માટે ગમે તે રીતે ઝઘડો ના ઊભો કરશો. મુખ્ય વસ્તુ એડજસ્ટમેન્ટ છે. 'હા'થી મુક્તિ છે. આપણે 'હા' કહ્યું તો પણ 'વ્યવસ્થિત'ની બહાર કંઈ થવાનું છે ? પણ 'ના' કહ્યું તો મહા ઉપાધિ !

## સંજોગોને એડજસ્ટ થાય એનું નામ માણસ

દરેક વ્યક્તિના જીવનમાં અમુક પ્રિન્સિપલ (સિદ્ધાંત) હોવા જ જોઈએ. છતાંય સંજોગો પ્રમાણે વર્તવું જોઈએ. સંજોગોને એડજસ્ટ થાય તેનું નામ માણસ. એડજસ્ટમેન્ટ જો દરેક સંજોગોમાં કરતા આવડે તો ઠેઠ મોક્ષે પહોંચી શકાય એવું ગજબનું હથિયાર છે.

એડજસ્ટમેન્ટ તો, તારી જોડે જે જે કોઈ ડિસ્એડજસ્ટ થવા આવે તેને તું એડજસ્ટ થઈ જા. રોજિંદા જીવનમાં જો સાસુ-વહુને કે દેરાણી-જેઠાણીને ડિસ્એડજસ્ટમેન્ટ થતું હોય તો જેને આ સંસાર ઘટમાળમાંથી છૂટવું હોય તેણે એડજસ્ટ થઈ જ જવું જોઈએ. ધણી-ધણીયાણીમાંય જો એક ફાડ

ફાડ કરતું હોય તો બીજાએ સાંધી લેવું, તો જ સંબંધ નભશે અને શાંતિ રહેશે.

એડજસ્ટ થવું એ જ ધર્મ છે. આ દુનિયામાં તો પ્લસ-માઈનસનું એડજસ્ટમેન્ટ કરવાનું હોય છે. માઈનસ હોય ત્યાં પ્લસ અને પ્લસ હોય ત્યાં માઈનસ કરવાનું. અમે તો અમારા ડહાપણનેય જો કોઈ ગાંડપણ કહે તો અમે કહીએ, હા, બરાબર છે. તે માઈનસ તુર્ત કરી નાખીએ.

માણસ તો કોનું નામ ? એવરીવેર એડજસ્ટેબલ ! જેને એડજસ્ટમેન્ટ કરતા ન આવડે તેને લોક 'મેન્ટલ' (ગાંડો) કહે છે. આ રિલેટિવ સત્યમાં આગ્રહ, જકની જરાય જરૂર નથી. એટલે પોતાના અહંકારને એટલો બધો ડાઉન લેજો કે બધાની જોડે ભળી શકાય. હવે અહંકારને કંઈ આંટા હોય છે કે આમ ફેરવીને એને ડાઉન કરાય ? એટલે સમજણનું હોવું જોઈએ કે અણસમજણનું હોવું જોઈએ ? અને સમજણનો અહંકાર થયેલો હોય તેનોય વાંધો નથી, પણ આ તો અણસમજણનો અહંકાર ! એ કઈ જાતનું કહેવાય ?

## હળીમળીને ભળે ત્યાં વધે કોમનસેન્સ

**પ્રશ્નકર્તા :** બધા જોડે હળીમળીને રહેવું એમ આપે કહ્યું ને, પણ મને તો એમાં તિરસ્કાર જેવું રહે છે.

**દાદાશ્રી :** આ તિરસ્કાર છે તેથી આવું થઈ ગયું છે ને ! માટે હવે તિરસ્કાર કાઢી અને બધાની જોડે હળીમળીને ચાલો તો મહીં કોમનસેન્સ વધે. તિરસ્કાર તો ગાયો-ભેંસોનોય ના કરાય, તો આ મનુષ્યની જોડે કેમ કરાય ? અને છત નથી કશીય ! તમારે છત હોય ને તિરસ્કાર કરતા હોય તો ઠીક છે, કે 'ભઈ, બહુ છતવાળા માણસ છે તે તિરસ્કાર કરે !' પણ આ તો છત પણ નથી.

છત કોને કહેવાય, કે વહુ જોડે પૈણે, પણ આખી જિંદગીમાં થોડીઘણી ધમાલ થાય પણ રોજ ધમાલ ના થાય, એનું નામ છત કહેવાય. અને આ છત વગરનો હોય તે પૈણે અને પેલી વહુ ત્યાં આગળ આવીને આમ ફરીને પેલી બાજુ બેઠી. હવે તાળું શી રીતે ઉઘાડવું એ આવડે નહીં, તો પેલી વહુનું શું થાય ?

એથી હું કહું છું ને, કે આ બધામાં જોડે બેસીએ તો લોકોનો પ્રેમ આપણી ઉપર ઉત્પન્ન થાય. અને બીજી વાતોચીતો ચાલે, પોતપોતાની વાતો કરે, એમાં વાતમાંથી (સાર) પકડી લઈએ તો કોમનસેન્સ વધે આપણી. બધાય માણસોમાં ભળીને ચાલવાથી કોમનસેન્સ વધે.

## કોમનસેન્સ એટલે એવરીવેર એપ્લિકેબલ

હાલની જનરેશનમાં કોમનસેન્સ જેવી વસ્તુ જ નથી. જનરેશન ટુ જનરેશન કોમનસેન્સ ઓછી થતી ગઈ છે.

એક બઈને મેં પૂછ્યું કે 'કેમ ધણી જોડે તારે ફાવતું નથી ?' ત્યારે એ કહે છે, 'દાદાજી, અક્કલ તો એટલી બધી છે કે ન પૂછો વાત !' ત્યારે મેં કહ્યું કે 'તારે તો સારું, ધણી અક્કલવાળો હોય તે !' ત્યારે એ કહે છે, 'પણ વ્યવહારુકતા જ નથી.' એટલે શું કહે છે કે કોમનસેન્સ નથી, તે વાતવાતમાં ઝઘડા થઈ જાય. પછી એ બઈએ મને કહ્યું કે કોમનસેન્સ નથી, દાદાજી. શું કરું ? ત્યારે મેં કહ્યું, 'બધું સમજી ગયો. હવે તું બીજી વાત જ ના કરીશ.' આ તો મેળ પડે જ નહીં ને ! થોડીઘણી તો કોમનસેન્સ જોઈએ કે ના જોઈએ માણસને ? વ્યવહારુકતા તો હોવી જોઈએ ને ?

એટલે કોમનસેન્સ ના હોય ને, તેને તો વહુ જોડે એક કલાકેય મેળાપ ના થાય. કોમનસેન્સ

નથી, તેથી ભાંજગડ થાય ને ! એને પૈણાવીએ તો શી દશા થાય ? આજે એની વાઈફ આવી, રાતે ભેગા થયા, એક કલાકમાં તો બેઉ છૂટા. 'હાઉ ટુ ડિલ' એ જ પહેલું ના આવડે. બિગિનિંગ કેમ કરવી તેય ના આવડે. કળા કે કશું જોઈએ કે ના જોઈએ વળી ?

**પ્રશ્નકર્તા :** જોઈએ જ ને ! તે વગર ચાલે જ નહીં.

**દાદાશ્રી :** ધણી છે તે કોમનસેન્સવાળો જોઈએ ને ? આ તો કોઈક દહાડો વાઈફની ભૂલ થઈ, તો એની જોડે ઝઘડો કરવા બેસી જાય ! અલ્યા, ઝઘડો કરવા માટે ભૂલ નથી થઈ !

કોમનસેન્સવાળો ઘરમાં કે બહાર ક્યાંય ઝઘડો જ ના થવા દે. આ ગામમાં મતભેદ વગરના ઘર કેટલા ? મતભેદ તમને પડે છે ? મતભેદ એટલે શું ? તાળું ઉઘાડતા ના આવડ્યું ! તે કોમનસેન્સ ક્યાંથી લાવે ? મતભેદ થાય ત્યાં કોમનસેન્સ કેમ કહેવાય ?

કોમનસેન્સ કોને હું કહું છું ? એક માણસ કહે, 'કોમનસેન્સ તો મારેય છે.' મેં કહ્યું, 'લે ને, તાળું ઉઘાડ (સમસ્યાનો ઉકેલ લાવ) ને ! ઘેર બૈરી જોડેનું તાળું વસાઈ જાય છે, એ તો ઉઘડતું નથી. અને તારું વસાઈ ગયેલું તાળું અમે ઉઘાડી આપીએ.' એટલે એ કોમનસેન્સનો અર્થ મેં મૂક્યો છે પુસ્તકમાં. કોમનસેન્સનો અર્થ શું ? એવરીવેર એપ્લિકેબલ. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એવરીવેર એપ્લિકેબલ, રાઈટ.

**દાદાશ્રી :** એ કોમનસેન્સ એવરીવેર એપ્લિકેબલ, બધા જ તાળા એ ઉઘાડે. બધી જાતના, કટાયેલા-બટાયેલા ! કોમનસેન્સવાળો ઘરમાં મતભેદ થવા જ ના દે.

## વ્યવહાર શુદ્ધિ માટે કોમનસેન્સ

હવે આ 'જ્ઞાન' મળ્યા પછી તમારે શુદ્ધ વ્યવહાર માટે શું જોઈએ ? કોમનસેન્સ કમ્પ્લીટ જોઈએ. એવી સ્થિરતા જોઈએ, એટલી ગંભીરતા જોઈએ. બધા ગુણ ઉત્પન્ન થવા જોઈએ ને ! એ કાચું પડે એટલે ચાલે નહીં ને બહાર લોકો એક્સેપ્ટ કરેય નહીં ને ! તાળું વસાઈ ગયું હોય તો ચાવી લગાડવી પડે ને ! એક જ ચાવીથી બધા તાળા ઊઘડે એવી ચાવી જોઈએ. કંઈ ઝૂમખાં રાખ્યે ના પાલવે !

એટલે કોમનસેન્સ છે તે વ્યવહાર શુદ્ધ રાખવા માટે છે અને શુદ્ધ નિશ્ચય ક્યારે રહેશે ? શુદ્ધ વ્યવહાર હશે ત્યારે. ને શુદ્ધ વ્યવહાર ક્યારે આવશે ? કોમનસેન્સ એવરીવેર એપ્લિકેબલ હશે ત્યારે.

કોમનસેન્સ કેવી રીતે પ્રગટ થાય ? અથડાવાથી. અથડામણમાં પોતે કોઈને અથડાય નહીં, સામા અથડાતા આવે તોય, પણ પોતે અથડાવા ના જોઈએ. એવી રીતે રહે તો કોમનસેન્સ ઊભી થાય ! નહીં તો કોમનસેન્સ હોય તેય જતી રહે !

## જ્ઞાની ચરણે કેળવાય પૂર્ણ કોમનસેન્સ

**પ્રશ્નકર્તા :** જેને કોમનસેન્સ હોય, એમાં પોતાના વર્તન, વાણી એવા હોય કે સામાને દુઃખ ના થાય, રાજી રાખી બધું કામ કરાવી દે, એવી એને ગિફ્ટ હોય ને ?

**દાદાશ્રી :** એ બધું હોય, પણ મૂળ એ સ્વાર્થમય પરિણામ હોય છે, તે નહીં સારા. એ કમ્પ્લીટ કોમનસેન્સ ના આવે. સહેજેય ઘાટ હોય ને, ત્યાં કોમનસેન્સ પૂરી ના હોય. ઘાટ ના હોય ત્યારે ખરું. પછી સામાને રાજી રાખે તે ઘાટ

વગરનું રાજી રાખે, એને દુઃખ ના થાય એટલા માટે. બાકી, જગત તો પોતાના ઘાટને માટે રાજી રાખે એટલે કોમનસેન્સ પૂરી થાય નહીં એની. કારણ કે ઘાટમાં વપરાઈ એ !

મારું કહેવાનું કે પૂરેપૂરી ત્રણસો સાંઠ ડિગ્રીની સંપૂર્ણ કોમનસેન્સ ના હોય, પણ ચાલીસ ડિગ્રી-પચાસ ડિગ્રીનું આવડે ને ? એવું ધ્યાનમાં લીધું હોય તો ? એક શુભ વિચારણા ઉપર ચઢ્યો હોય તો એને એ વિચારણા સાંભળે (સાંભરે) ને એ જાગ્રત થઈ જાય. શુભ વિચારણાના બીજ પડે. પછી એ વિચારણા ચાલુ થઈ જાય.

એ કોમનસેન્સ ક્યાંથી લાવે ? એ તો 'જ્ઞાની પુરુષ' પાસે બેસે, 'જ્ઞાની પુરુષ'ના ચરણોનું સેવન કરે ત્યારે કોમનસેન્સ ઉત્પન્ન થાય.

### જીવવાની કળા શીખવે 'જ્ઞાની' કળાધર

હું બધાને એમ નથી કહેતો કે તમે બધા મોક્ષે ચાલો. હું તો એમ કહું છું કે 'જીવન જીવવાની કળા શીખો.' કોમનસેન્સ થોડી ઘણી તો શીખો લોકોની પાસેથી ! કોમનસેન્સ એટલે એવરીવેર એપ્લિકેબલ - થીયરીટીકલી એઝ વેલ એઝ પ્રેક્ટિકલી. ગમે તેવું તાળું હોય, કટાયેલું હોય કે ગમે તેવું હોય પણ કૂંચી નાખે કે તરત ઊઘડી જાય એનું નામ કોમનસેન્સ. તમારે તો તાળા ઊઘડતા નથી, વઢવાડો કરો છો અને તાળા તોડો છો !

ભલે મોક્ષની જરૂર બધાને ના હોય, પણ કોમનેસન્સની જરૂર તો બધાને ખરી. આ તો કોમનસેન્સ નહીં હોવાથી ઘરનું ખાઈ-પીને અથડામણો થાય છે. બધા કંઈ કાળા બજાર કરે છે ? છતાં ઘરના ત્રણ માણસોમાં સાંજ પડ્યે તેત્રીસ મતભેદ પડે છે. આમાં શું સુખ પડે ? પછી નફ્ફટ થઈ જીવે. એ સ્વમાન વગરનું જીવન શું કામનું ? એમાંય મેજિસ્ટ્રેટ સાહેબ કોર્ટમાં સાત વર્ષની સજા ઠોકીને આવ્યા હોય, પણ ઘેર પંદર-પંદર દહાડાથી કેસ પેંડિંગમાં પડ્યો હોય ! બાઈસાહેબ જોડે અબોલા હોય ! ત્યારે આપણે મેજિસ્ટ્રેટ સાહેબને પૂછીએ કે 'કેમ સાહેબ ?' ત્યારે સાહેબ કહે કે, 'બાઈ બહુ ખરાબ છે, બિલકુલ જંગલી છે.' હવે બાઈસાહેબને પૂછીએ કે 'કેમ સાહેબ તો બહુ સારા માણસ છે ને ?' ત્યારે બાઈસાહેબ કહે, 'જવા દો ને નામ. રોટન (નાલાયક) માણસ છે.' હવે આવું સાંભળીએ, ત્યાંથી જ ના સમજી જઈએ કે આ બધું પોલંપોલ છે જગત ? આમાં કરેક્ટનેસ જેવું કશું જ નથી.

કરેક્ટનેસ તો ક્યારે કહેવાય કે જીવન જીવવાની કળા શીખ્યો હોય તો. આ વકીલ થયો તોય કંઈ જીવન જીવવાની કળા આવડી નહીં. ત્યારે ડૉક્ટર થયો તોય એ કળા ના આવડી. આ તમે આર્ટિસ્ટની કળા શીખી લાવ્યા કે બીજી કોઈ પણ કળા શીખી લાવ્યા, એ કંઈ જીવન જીવવાની કળા ના કહેવાય. જીવન જીવવાની કળા તો, કોઈ માણસ સરસ જીવન જીવતો હોય તેને આપણે કહીએ, કે તમે આ શી રીતે જીવન જીવો છો, એવું કંઈક મને શીખવાડો. હું શી રીતે ચાલું ? તો એ કળા શીખાય ? એના કળાધર જોઈએ, એનો કળાધર હોવો જોઈએ, એનો ગુરુ હોવો જોઈએ. પણ આની તો કોઈને પડેલી જ નથી ને ! જીવન જીવવાની કળાની તો વાત જ ઉડાડી મેલી છે ને ! અમારી પાસે જે કોઈ રહેતો હોય તેને આ કળા મળી જાય. છતાં, આખા જગતને આ કલા નથી આવડતી એવું આપણાથી ના કહેવાય. પણ જો કમ્પ્લીટ જીવન જીવવાની કળા શીખેલા હોય ને તો લાઈફ ઈઝી રહે પણ ધર્મ તો જોડે જોઈએ જ.

જીવન જીવવાની કળામાં ધર્મ મુખ્ય વસ્તુ છે. અને ધર્મમાંય બીજું કશું નહીં, મોક્ષ ધર્મનીય વાત

નહીં, માત્ર ભગવાનની આજ્ઞારૂપી ધર્મ પાળવાનો છે. મહાવીર ભગવાન કે કૃષ્ણ ભગવાન કે જે કોઈ ભગવાનને તમે માનતા હો તેની આજ્ઞાઓ શું કહેવા માગે છે તે સમજીને પાળો. હવે બધી ના પળાય તો જેટલી પળાય એટલી સાચી.

લોકોને વ્યવહારધર્મ પણ એટલો ઊંચો મળવો જોઈએ કે જેથી લોકોને જીવન જીવવાની કળા આવડે. જીવન જીવવાની કળા આવડે એને જ વ્યવહારધર્મ કહ્યો છે. કંઈ તપ-ત્યાગ કરવાથી એ કળા આવડે નહીં. આ તો અજીર્ણ થયું હોય તો કંઈક ઉપવાસ જેવું કરજે. જેને જીવન જીવવાની કળા આવડી તેને આખો વ્યવહારધર્મ આવી (આવડી) ગયો અને નિશ્ચય ધર્મ તો ડેવલપ થઈને આવે તો પ્રાપ્ત થાય અને આ અક્રમ માર્ગે તો નિશ્ચય ધર્મ જ્ઞાનીની કૃપાથી જ પ્રાપ્ત થઈ જાય છે !

### કળાથી મતભેદ ટાળી, ટાળ્યા દુઃખ

હું તો આ તમને બધાને કહું છું ને, તે મારી જાત ઉપર ટ્રાયલ લીધા વગર કહેતો નથી. બધી ટ્રાયલ લઈને પછી કહું છું. કારણ કે મારે વાઈફ જોડે, જ્ઞાન નહોતું તોય મતભેદ નહોતો. મતભેદ એટલે ભીંતમાં માથું અથડાવું. ભલે લોકોને સમજણ નથી, પણ મને પોતાને તો સમજણ પડી કે આ ઉઘાડી આંખે ભીંતમાં અથડાયો, મતભેદ પડ્યો એટલે.

અમારે હીરાબા જોડે ક્યારેય વાણીમાં 'મારી-તારી' થયું નથી. પણ એક ફેરો અમારે મતભેદ પડી ગયેલો (પડતા પડતા રહી ગયેલો). એમના ભાઈને ત્યાં પહેલી દીકરીના લગ્ન હતા. તે તેમણે મને પૂછયું કે 'એમને શું આપવું છે ?' ત્યારે મેં તેમને કહ્યું કે 'તમને ઠીક લાગે તે, પણ ઘરમાં આ ચાંદીના વાસણો પડેલા છે, તે આપજો ને ! નવું બનાવશો નહીં.' ત્યારે એમણે કહ્યું કે 'તમારા મોસાળમાં તો મામાની દીકરી પરણે તો મોટા-મોટા તાટ બનાવીને આપો છો !' એ 'મારા' ને 'તમારા' શબ્દો બોલ્યા ત્યારથી હું સમજી ગયો કે આજ આબરૂ ગઈ આપણી ! આપણે એકના એક, ત્યાં મારા-તમારા હોય ? હું તરત સમજી ગયો ને તરત હું ફરી ગયો. મારે જે બોલવું હતું તે ઉપરથી આખોય હું ફરી ગયો. મેં તેમને કહ્યું, 'હું એવું નથી કહેવા માગતો. તમે આ ચાંદીના વાસણ આપજો ને ઉપરથી પાંચસો એક રૂપિયા આપજો, એમને કામ લાગશે.' ત્યારે એ કહે, 'હં... એટલા બધા રૂપિયા તે કંઈ અપાતા હશે ! તમે તો જ્યારે ને ત્યારે ભોળા ને ભોળા જ રહો છો, જેને તેને આપ આપ જ કરો છો !' મેં કહ્યું, 'ખરેખર, મને તો કશું આવડતું જ નથી.'

જુઓ, આ મારે મતભેદ પડતો હતો પણ કેવો સાચવી લીધો ફરી જઈને ! સરવાળે મતભેદ ના પડવા દીધો. છેલ્લા ત્રીસ-પાંત્રીસ વર્ષથી અમારે નામેય મતભેદ નથી થયો. હીરાબા પણ દેવી જેવા છે ! અમે કોઈ જગ્યાએ મતભેદ પડવા ના દઈએ. મતભેદ પડતા પહેલા જ અમે સમજી જઈએ કે આમથી ફેરવી નાખો, ને તમે તો ડાબું ને જમણું બે બાજુનું જ ફેરવવાનું જાણો કે આમના આંટા ચઢે કે આમના આંટા ચઢે. અમને તો સત્તર લાખ જાતના આંટા ફેરવતા આવડે, પણ ગાડું રાગે પાડી દઈએ. મતભેદ થવા ના દઈએ. આપણા સત્સંગમાં વીસેક હજાર માણસો ને ચારેક હજાર (નિયમિત) મહાત્માઓ, પણ અમારે કોઈ જોડે એકુંય મતભેદ નથી. જુદાઈ માની જ નથી મેં કોઈની જોડે !

### કોઈને દુઃખ ના થાય એવો આદર્શ વ્યવહાર

અમારો વ્યવહાર સુંદર હોય, આદર્શ હોય, ત્યાં ક્રોધ-માન-માયા-લોભ હોય નહીં. પાડોશી જોડે સંબંધ સારા હોય, ઘરમાં વાઈફ જોડે સંબંધ સારા હોય.

'જ્ઞાની પુરુષ' તો વ્યવહાર સાથે હોય. એમનો વ્યવહાર આદર્શ વ્યવહાર હોય. આદર્શ વ્યવહાર એટલે કોઈ સંસારી માણસનો વ્યવહાર એવો આદર્શ હોય નહીં એવો આદર્શ હોય. કોઈ સંસારી માણસનો, અરે ! કોઈ સાધુનોય એવો આદર્શ ના હોય એવો એમનો આદર્શ વ્યવહાર હોય. આદર્શ વ્યવહાર એટલે આજુબાજુના પાડોશીઓ, બધા એમ કહે કે 'કહેવું પડે એમનું તો !' પાડોશીઓ એમનાથી કંટાળેલા ના હોય, વ્યવહાર એવો આદર્શ હોય. વ્યવહાર તો આદર્શ કરવો પડશે ને, જ્યારે ત્યારે ?

જ્યાં સુધી વ્યવહાર ચોખ્ખો ના હોય ત્યાં સુધી મોક્ષ નથી. વ્યવહારના આધાર પર જ મોક્ષ છે ! આદર્શ વ્યવહાર હોવો જોઈએ, બીજા કોઈને દુઃખદાયી ના થાય એવો. કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવો અહંકાર હોવો જોઈએ, એ પોઝિટિવ અહંકાર. અમારો સંપૂર્ણ આદર્શ વ્યવહાર હોય. જેના વ્યવહારમાં કંઈ પણ કચાશ હશે, તે મોક્ષને માટે પૂરો લાયક થયો ના ગણાય. વ્યવહાર જો કદી આદર્શ ના થાય તો મોક્ષમાં જાય જ કેવી રીતે ?

**પ્રશ્નકર્તા :** હા, જાય જ કેવી રીતે ? બહુ સરસ વાત છે !

**દાદાશ્રી :** અને વ્યવહાર આદર્શ ના હોય એટલે એના આજુબાજુવાળાને પૂછીએ આપણે કે ભાઈ, આમનો વ્યવહાર કેવો છે ? ત્યારે કહે, 'જવા દોને વાત ભાઈ.' જ્યારે અમારે ઘેર તો આ બધા બેઠા હોય ને હીરાબાય છે તે અહીં નમીને વિધિ કરવાના. એટલે અહીં તો કશું બીજું હોય જ નહીં ને !

**પ્રશ્નકર્તા :** ના, ના.

**દાદાશ્રી :** અને કુટુંબીઓ હંમેશાં વિરોધી હોય, પણ આ એક જ કેસ એવો બન્યો છે કે કુટુંબવાળા બધા જ આમાં નમસ્કારમાં પડેલા. નહીં તો કુટુંબીઓ વિરોધી હોય હંમેશાં. ગામવાળા વિરોધી હોય, અને આ તો ગામમાંય વિરોધ નહીં કોઈ જાતનો. કારણ કે આ જ્ઞાન જ એવા પ્રકારનું છે.

**પ્રશ્નકર્તા :** બરાબર છે.

**દાદાશ્રી :** ઘરના, સગાંવહાલાંય છે તે બધાય નમસ્કાર કરતા હોય એમને. શું કરતા હોય ?

**પ્રશ્નકર્તા :** નમસ્કાર.

**દાદાશ્રી :** વાઈફ તો નમસ્કાર ના કરે ને ?

**પ્રશ્નકર્તા :** ના કરે.

**દાદાશ્રી :** અમારે છે તે હીરાબા અહીં અડીને નમસ્કાર કરવાના. મારે ઘેર એમને પૂછવા જાવ તો કહે કે એ તો ભગવાન જ છે ! અરે, એ તો અમારા દર્શન હઉ કરે. અહીં પગે માથું અડાડીને દર્શન કરે. વ્યવહાર આદર્શ-શુદ્ધ લાગે. અજાયબી છે ને એય ! અજાયબી કહેવાય ને, નહીં ? આ અગિયારમું આશ્ચર્ય છે ! હું નહીં હોઉ ત્યારે છપાશે બધું. દસ આશ્ચર્ય મહાવીર ભગવાન સુધી થયા ને આ અગિયારમું આશ્ચર્ય છે !

### ...તેથી કહેવાયા ભગવાન

**પ્રશ્નકર્તા :** દાદા, તમે વ્યવહારિક જ્ઞાન ઊંચું લાવેલા, એની સાથે તમારો વ્યવહાર પણ આદર્શ હતો ને ?

**દાદાશ્રી :** મારો વ્યવહાર આદર્શ ! એટલે હું કોઈને દુઃખ ન થાય એવી સ્થિતિએ રહેતો'તો. અને કોઈની જોડે સહેજેય ઊંચા શ્વાસે નહીં રહેલો ચાલીસ વર્ષથી. ઊંચો અવાજ નહીં કરેલો કોઈની જોડે.

**પ્રશ્નકર્તા :** જરાય નહીં ?

**દાદાશ્રી :** નહીં, કોઈની જોડે નહીં. એય જાણે લોકો, 'ભગવાન જેવા છે', કહે છે. આજુબાજુવાળા એમ કહે, 'ભગવાન જેવા જ છે, પહેલેથી ભગવાન જેવા. બધો અમારો વહીવટ જ એમને સોંપી દીધેલો.' એને વઢવા-કરવાનું હોય, એ લોકો અંદર-અંદર વઢ્યા હોય ને, તો એ બધું વહેંચવા-કરવાનું મારે હોય.

**પ્રશ્નકર્તા :** એમ !

**દાદાશ્રી :** હં. ઝઘડા-બગડા મહીં ભઈઓ-ભઈઓમાં હોય તે ચાર ભઈઓનું સોનું વહેંચવાનું હોય ને, તે વહેંચવા જવાનું મારે હોય. આ આમનું વહેંચવાનું હોય, આમનું વહેંચવાનું, એ બધું વહેંચવાનું મારે. અને તે આવડેય ખરું બધું સરસ રીતે.

**પ્રશ્નકર્તા :** તમે આ પણ કરી આપો ?

**દાદાશ્રી :** બધું, આજુબાજુવાળા મને જ સોંપે બધું.

**પ્રશ્નકર્તા :** ભગવાન જેવા માને. ભગવાન જેવા નીતિવાળા.

**દાદાશ્રી :** ભગવાન જેવા માને. અને આ બધા લોકો કહે, કે 'દાદા તો જ્ઞાન આપે છે.' ત્યારે કહે, 'તમે તો હમણે જ્ઞાન લીધું, અમે તો આખી જિંદગી લે લે કર્યું છે !' પણ હવે એમને પેલું જ્ઞાન રહ્યું અને આ જુદું જ્ઞાન. એટલે પેલાને પેલા સમજણ પાડવા જાય, કે 'આ જ્ઞાન જુદી જાતનું છે.' તો કહે, 'એ જુદી જાતનું તે જ અમને જ્ઞાન મળ્યું છે.' એટલે આવી રીતે રહી ગયું. આવી રીતે અધૂરું રહી ગયું બધું. શું થાય તે ? અને વહેંચતા કરતા મને આવડેય ખરું ને, પાછું !

**પ્રશ્નકર્તા :** પેલા ડૉક્ટર કહેતા હતા ને, 'અમે તો મહાવીર કુટુંબના.' અમે કીધું કે તમે જ્ઞાન લો. તો કહે, 'એ જ્ઞાન તો અમારા ઘરમાં જ છે. અમે તો મહાવીર કુટુંબના, અમારા ઘરમાંથી જ્ઞાન ક્યાં જવાનું...'

**દાદાશ્રી :** આવું બધું ! ઘરના-ઘરના કહીને, એય... ખઈ-પીને મોજ !

**પ્રશ્નકર્તા :** બહારના લઈ જશે અને લઈ ગયા.

**દાદાશ્રી :** ના, પણ એવું બધું. આજુબાજુવાળાને પૂછવા જાવ, 'દાદા (કેવા છે !) ?' 'એ તો ભગવાન જેવા હતા જ પહેલેથી.' એટલે એ સમજ્યા નથી કે આ 'જ્ઞાની' થઈ ગયા છે એવું. કારણ કે પહેલેથી સ્વભાવ એવો, ન્યાયી ધોરણ, એટલે લોકો સોંપી દે બધું. એટલે એ લોકો આમને કહે, કે 'આ તમે પાડોશીઓએ લાભ ઉઠાવ્યો નહીં ?' 'અરે, એ તો નાના હતા, ત્યારથી અમે લાભ લીધેલો જ છે.' એટલે પેલાને પેલી ખબર ના પડી કે આ નવી જાતનો છે લાભ. એટલે 'એવા જ છે એ' એમ કરીને. તે કોઈ જગ્યાએ બૂમ નહીં, બરાડા નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, દૃષ્ટિ જોઈએ ને ? દૃષ્ટિ ખૂલેલી હોય તો લાભ મળે ને ?

**દાદાશ્રી :** બહુ, બહુ, બહુ દૃષ્ટિ ખૂલવી જોઈએ.

જીવન મારું કેવું હતું ? આડોશીઓ-પાડોશીઓ બધા લોકો 'ભગવાન જેવા છે', એવું કહે. તે ભગવાન થયો નહોતો તે ઘડીએ, જ્ઞાન નહોતું, પણ 'ભગવાન જેવા છે' એવું બધા કહે. એનું શું કારણ ? ન્યાયી હતો સંપૂર્ણ. અને બધા પોતાની બધી મિલકત આપી દે. એને વહેંચણી કરવી હોય, બીજું કરવું હોય તોય પણ બધો વિશ્વાસ, ટ્રસ્ટ. વિશ્વાસુ સંપૂર્ણ બધાનો.

## કોઈના ચોપડે અમારી અડચણ જમે નહીં

આદર્શ વ્યવહાર સિવાય કોઈ મોક્ષે ગયો નથી. મોક્ષે જવા આદર્શ વ્યવહાર જોઈશે. આદર્શ વ્યવહાર એટલે કોઈ પણ જીવને કિંચિત્ માત્ર દુઃખ ના થાય તે. ઘરના, બહારના, આડોશી-પડોશી કોઈને પણ આપણા થકી દુઃખ ના થાય તે આદર્શ વ્યવહાર કહેવાય.

આદર્શ વ્યવહારથી આપણાથી કોઈનેય દુઃખ ના થાય, તેટલું જ જોવાનું, છતાં પણ આપણા થકી કોઈને દુઃખ થાય તો તરત જ પ્રતિક્રમણ કરી લેવાનું. આપણાથી કંઈ એની ભાષામાં ના જવાય. આ જે વ્યવહારમાં પૈસાની લેવડ-દેવડ વગેરેમાં વ્યવહાર છે એ તો સામાન્ય રિવાજ છે, તેને અમે વ્યવહાર નથી કહેતા. કોઈનેય દુઃખ ના થવું જોઈએ તે જોવાનું ને દુઃખ થયું હોય તો પ્રતિક્રમણ કરી લેવું એનું નામ આદર્શ વ્યવહાર !

અમારા થકી કોઈનેય અડચણ થઈ હોય એવું બને નહીં. કોઈના ચોપડે અમારી અડચણ જમે નહીં હોય. અમને કોઈ અડચણ આપે ને અમે પણ અડચણ આપીએ તો અમારા ને તમારામાં ફેર શો ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીના વ્યવહારમાં બે વ્યક્તિ વચ્ચે ભેદ હોય ખરો ?

**દાદાશ્રી :** એમની દૃષ્ટિમાં ભેદ જ ના હોય, વીતરાગતા હોય. એમના વ્યવહારમાં ભેદ હોય. એક મિલમાલિક ને તેનો ડ્રાયવર અહીં આવે તો શેઠને સામે બેસાડું ને ડ્રાયવરને મારી જોડે બેસાડું, એટલે શેઠનો પારો ઊતરી જાય ! અને વડાપ્રધાન આવે તો હું ઊઠીને એમનો આવકાર કરું ને એમને બેસાડું, એમનો વ્યવહાર ના ચૂકાય. એમને તો વિનયપૂર્વક ઊંચે બેસાડું અને એમને જો મારી પાસેથી જ્ઞાન ગ્રહણ કરવું હોય તો મારી સામે નીચે બેસાડું. લોકમાન્યને વ્યવહાર કહ્યો અને મોક્ષમાન્યને નિશ્ચય કહ્યો, માટે લોકમાન્ય વહેવારને તે રૂપે 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરવો પડે. અમે ઊઠીને એમને ના બોલાવીએ તો તેમને દુઃખ થાય, તેની જોખમદારી અમારી કહેવાય.

સત્સંગમાંથી અમે ઘેર સમયસર જઈએ. જો રાત્રે બાર વાગે બારણું ખખડાવીએ તો એ કેવું દેખાય ? ઘરના મોઢે બોલે, 'ગમે ત્યારે આવશો તો ચાલશે.' પણ તેમનું મન તો છોડે નહીં ને ! એ તો જાતજાતનું દેખાડે. આપણાથી એમને સહેજ પણ દુઃખ કેમ અપાય ? આ તો કાયદો કહેવાય ને કાયદાને આધીન તો રહેવું જ પડે. (બે વાગે ઊઠીને 'રિયલ'ની ભક્તિ કરીએ તો કોઈ કંઈ બોલે ? ના, કોઈ ના પૂછે.)

## વ્યવહાર આદર્શ ત્યાં નિશ્ચય આદર્શ

વ્યવહાર આપણો આદર્શ હોવો જોઈએ. વ્યવહાર જ બરોબર ના હોય તો એને શું કરવાનું ? લોકો ખુશ થઈ જાય એવો વ્યવહાર જોઈએ. આદર્શ વ્યવહાર એટલે આજુબાજુ પાડોશમાં પૂછો, ઘરમાં પૂછો, 'એની વેર' (ગમે ત્યાં) ક્યાંય પણ પૂછો, તો અમારો વ્યવહાર આદર્શ હોય. ઘરમાં, સ્ત્રી (પત્ની) જોડે, સગાંવહાલામાં બધે કોઈને દુઃખદાયી ના હોય એવો વ્યવહાર હોય, નહીં તો પછી એ તો નિશ્ચય જ કેમ પામ્યો છે ? વ્યવહાર આદર્શ જોઈએ. અને નહીં હોય તો આદર્શ એનો ધ્યેય હોવો જ જોઈએ ! જેટલો વ્યવહાર આદર્શ એટલો નિશ્ચય પ્રગટ થવા માંડ્યો.

'જ્ઞાની પુરુષ'ને સ્વ-પરનો વિવેક તો બહુ ઊંચામાં ઊંચો હોય. એમ સંસારી રૂપે છીએ છતાં પણ અમારો પાડોશી જોડે વ્યવહાર બહુ આદર્શ હોય. આદર્શ વ્યવહાર એટલે ભગવાને કહ્યું છે તેવો

વ્યવહાર હોય, ભગવાને કહેલામાં એક મીનમાત્ર ફેરફાર ના હોય. અમારે ફક્ત આ કપડાં સિવાય બીજો કોઈ ફેરફાર ના હોય. જ્યાં આદર્શ વ્યવહાર છે ત્યાં આગળ બધું કામ થાય. વ્યવહાર આદર્શ વગર કોઈ દહાડોય નિશ્ચય આદર્શ થાય નહીં. અમારો વ્યવહાર આદર્શ જ હોય. જગતે જોયો ના હોય એવો અમારો વ્યવહાર હોય. અમારો વ્યવહાર મનોહર હોય, વર્તન પણ મનોહર હોય, વિનય પણ મનોહર હોય. વ્યવહારને ખસેડીને કોઈ છે તે આત્મા પામેલો નહીં. અને જે (એ રીતે) પામવાની વાતો કરે છે તે શુષ્કજ્ઞાન છે. તરછોડ્યો એટલે રહ્યું જ ક્યાં ? નિશ્ચય ક્યાં રહ્યો ?

**પ્રશ્નકર્તા :** વ્યવહારને તરછોડે તો ઓટોમેટિક નિશ્ચયને તરછોડાય જ જાય છે.

**દાદાશ્રી :** નિશ્ચય ઉત્પન્ન જ ના થાય ને, વ્યવહાર તરછોડેલો હોય તો. નિશ્ચય નથી એમ મનાય. સમભાવે નિકાલ કરતો ના હોય અને પછી કહેશે, 'અમને નિશ્ચયથી આત્મા પ્રાપ્ત થઈ ગયો છે.' એ ચાલે નહીં, બેઝમેન્ટ (પાયો) જોઈશે. આજુબાજુવાળા બૂમ પાડે અને આ કહેશે, 'હું આત્મા થયો', શી રીતે ચાલે ? મારી જોડે રહેનાર બધા હોય એને પૂછીએ, 'દાદાજી, તમને હેરાન કરી નાખતા હશે ?' ત્યારે કહે, 'ના.'

જુઓ ને, અમે મંચ પર બેઠા હતા ને ! અમારે (એનો) દ્વેષ હોય નહીં. આવા વ્યવહારમાં તો અમારે આવવાનું ના હોય બનતા સુધી, પણ હોય તેને અમે તરછોડીએ નહીં. ત્યાંય બધું એવું નાટક ભજવીએ. અમારે આમ કરવું ને તેમ કરવું એવું હોય નહીં. આપણે વ્યવહારને તરછોડવાનો નથી. જે વ્યવહાર બન્યો, એમાં 'અંબાલાલ મૂળજીભાઈ' એ વ્યવહાર સત્તાને આધીન છે, 'અમે' નિશ્ચય સત્તાને આધીન છીએ. 'અમે' તો નિશ્ચય સત્તામાં જ છીએ, સ્વસત્તાધારી છીએ. એટલે વ્યવહારને કિંચિત્‌માત્ર તરછોડ ના વાગવી જોઈએ. એટલે કે વ્યવહાર ઉદયકર્મને આધીન છે પણ વ્યવહાર સત્તા અમે ક્યારે કબૂલ કરીએ કે આદર્શ હોય તો, નહીં તો નહીં. એટલે વ્યવહારને કિંચિત્‌માત્ર છંછેડાય નહીં.

## જ્ઞાનીનો શુદ્ધ વ્યવહાર

અમારો વ્યવહાર સુંદર હોય. હું આખો દહાડો આદર્શ વ્યવહારમાં જ રહું છું. આજુબાજુ પૂછવા જાવ ને, તો બધાય કહેશે, 'કોઈ દહાડો એ લડ્યા જ નથી. કોઈ દહાડો બૂમ પાડી જ નથી. કોઈ દહાડો કોઈની જોડે ગુસ્સે થયા નથી.' એવું બધા કહે તો એ આદર્શ કહેવાય કે ના કહેવાય ?

તોય એક ફેરો કોઈને વ્યવહારમાં મારી કંઈ ભૂલ દેખાઈ. તે મને કહે છે કે 'તમારે આમ કરવું જોઈએ ને ? આ તમારી ભૂલ કહેવાય.' મેં કહ્યું કે 'ભઈ, તમે તો આજે જાણ્યું, પણ હું તો નાનપણથી જાણું છું કે આ ભૂલવાળો છે.' ત્યારે કહે કે 'ના, નાનપણમાં એવા નહોતા, હમણે થયા છો.' એટલે આ બધું પોતપોતાની સમજણથી છે. એટલે અમે અમારું પહેલું જ દેખાડી દઈએ કે અમે કાચા જ છીએ પહેલેથી ! એટલે અથડામણ થાય જ નહીં ને ! પેલાનેય ટાઈમ બગાડવાનો રહ્યો જ નહીં ને દુઃખેય થવાનું રહ્યું નહીં !

અમારો વ્યવહાર શુદ્ધની બિલકુલ નજીકનો હોય. એને શુદ્ધ કહે તો ચાલે.

**પ્રશ્નકર્તા :** ત્યારે પરફેક્ટ (સંપૂર્ણ) શુદ્ધ કેવો હોય, પહેલા એ કહો.

**દાદાશ્રી :** કિંચિત્‌માત્ર શબ્દથી પણ કોઈને નુકસાન ના થાય, મનથી નુકસાન નહીં, મનથી નુકસાન તો તમેય નથી કરતા પણ શબ્દથી અને દેહથી નુકસાન ન કરે એ બિલકુલ શુદ્ધ વ્યવહાર.

**પ્રશ્નકર્તા :** ત્યારે તમે જે કહો છો, તમારો લગભગ શુદ્ધ, તો એ અને સંપૂર્ણ શુદ્ધ, એ બેનો તફાવત શું ?

**દાદાશ્રી :** આ કોઈ ફેરો અમે કહીએ છીએ ને, ચાર ડિગ્રી ઓછી, તે એનો ફેર પડે.

## શુદ્ધ વ્યવહારથી શુદ્ધ નિશ્ચયના ફોડ

નિશ્ચય શુદ્ધ છે, પણ વ્યવહાર શુદ્ધિ શેને કહેવી ? કષાયરહિત વ્યવહાર એ વ્યવહારશુદ્ધિ છે. પછી જાડો હોય કે પાતળો હોય કે ઝીણો હોય, કાળો હોય કે ગોરો હોય એ એમને જોવાની જરૂર નથી પણ કષાયરહિત છે કે ? ત્યારે કહે, હા, ત્યારે એ શુદ્ધ વ્યવહાર છે.

હવે કષાય ક્યાં ઊભા થાય ? જો વ્યવહારમાં ચીકણા થયા તો કષાયી થઈ જવાય. જ્યાં કાયદા હોય, ત્યાં કષાય થાય. 'એય જમતી વખતે જવાનું નહીં, ત્યાં ગડબડ કરશો નહીં.' મન મહીં અવળું ફરે, પછી કષાય બચાવ ખોળે. એટલે અહીં તો કષાય જ નહીં ને ! જ્યારે આવવું હોય ત્યારે પાછા આવે.

આપણો હાથ કાપી નાખે, ગમે તેટલું તોફાન કરે તોય તેને બીજી દૃષ્ટિથી ના જુઓ. તેને શુદ્ધાત્માથી જુઓ. અવળો વિચાર આવ્યો એટલે અવળું 'વ્હીલ' ફર્યું. કોઈ છે તે માળા ચડાવવા આવે, પગે લાગે તેય આપણો હિસાબ અને પછી કોઈ મારતો હોય તેય આપણો હિસાબ. તમને કોઈ ગાળ ભાંડે, તે ફેરો એનામાં શુદ્ધાત્મા જ તમને દેખાવા જોઈએ. પેલો વ્યવહાર ના દેખાય. આ વ્યવહાર તમારો હિસાબ છે. તમારો જે હિસાબ હતો ભોગવવાનો, તે પૂરો થઈ રહ્યો છે. તેથી એ એનો વ્યવહાર કરી રહ્યો છે, પણ એ પોતે તો શુદ્ધ જ છે. એટલે એમના તરફ શુદ્ધતાની દૃષ્ટિ રહે તો એ શુદ્ધ નિશ્ચય કહેવાય. આપણે શુદ્ધ અને જગત શુદ્ધ. જેટલો શુદ્ધ ઉપયોગ, એનું નામ શુદ્ધ નિશ્ચય, એ જ શુદ્ધ આત્મરમણતા અને તો જ શુદ્ધ વ્યવહાર રહે. જેટલો શુદ્ધ નિશ્ચય હોય, એટલી વ્યવહાર શુદ્ધતા રહે. નિશ્ચય એક બાજુ કાચો, અશુદ્ધ થાય એટલી વ્યવહાર અશુદ્ધતા. આર્તધ્યાન ને રૌદ્રધ્યાન ના થાય, એનું નામ 'વ્યવહાર શુદ્ધિ.' શુદ્ધ વ્યવહાર એટલે કષાયરહિતનો વ્યવહાર.

## અહંકાર-બુદ્ધિ ઘટે, તેમ સૂઝ વધે

**પ્રશ્નકર્તા :** દાદા, આ જે વ્યવહારની બધી આવડત એ તમારામાં પહેલેથી હતી ?

**દાદાશ્રી :** એ વ્યવહારની આવડત બહુ સારી. બહુ સારી સૂઝ પડે.

**પ્રશ્નકર્તા :** તે એવી સૂઝ બધાને કેમ ના આવે ?

**દાદાશ્રી :** હોય ખરી, પણ લોભના માર્યે ઊડી જતી હોય, ત્યાં બેધ્યાન રહે. સૂઝ હોય પણ લોભ એને છે એટલે બેધ્યાન રહેતો હોય, તો એમાં એ સૂઝ શું કરે બિચારી ? આ ક્રોધ-માન-માયા-લોભ ખઈ જાય છે આ લોકોની સૂઝને. શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એટલે સૂઝ હોય તો ખરી ?

**દાદાશ્રી :** હોય, સૂઝ તો હોય.

**પ્રશ્નકર્તા :** હોય તો ખરી જ, પણ એ જાગ્રત કરવાની હોય.

**દાદાશ્રી :** પણ સૂઝેય દિવસે દિવસે જો તમે એને બેધ્યાન ના રહો ને, તો પછી ઉંમર વધતી જાય સૂઝની.

**પ્રશ્નકર્તા :** બરોબર.

**દાદાશ્રી :** પણ તમે તો તમારા ક્રોધ-માન-

માયા-લોભમાં, એટલે આ બાજુ બેધ્યાન જ રહો છો, એટલે પછી શું થાય ? અને અમે તો એ સૂઝમાં જ જાગૃત રહીએ.

**પ્રશ્નકર્તા :** પણ સૂઝ તો આત્માનો ડિરેક્ટ (સીધો) પ્રકાશ છે ને ?

**દાદાશ્રી :** ના, એ ડિરેક્ટ પ્રકાશ નથી. પણ અંતરસૂઝ એ તો કુદરતની એક જાતની ગિફ્ટ (ભેટ) છે. તેના આધારે સંસારમાં કેમ કરવું ને કેમ નહીં, એ બધું દેખાડ્યા કરે.

**પ્રશ્નકર્તા :** સૂઝમાં બુદ્ધિ આવે નહીં ?

**દાદાશ્રી :** ના. બુદ્ધિ તો નફો ને ખોટ જ દેખાડે, બીજું કશું દેખાડે નહીં.

હવે એમાં બુદ્ધિ અને દર્શન બે ચીજ છે. સૂઝ પડવી એ દર્શનમાં જાય છે. એ પૂર્વભવની ગિફ્ટ છે, ગયા અવતારની, ફ્રી ઓફ કોસ્ટ (મફત) ગિફ્ટ છે. અને બીજું, ચિત્તશુદ્ધિ જેટલી થઈ હોય એટલો લાભ આપે. એટલે ચિત્તશુદ્ધિ, ગિફ્ટ, આ બધુંય આ લોકોએ બુદ્ધિમાં ઘાલી દીધું છે અને બુદ્ધિને મહત્વ આપી દીધું છે. બુદ્ધિ એ મહત્વ આપવા જેવી ચીજ નથી. સૂઝ એ મોટામાં મોટી ગિફ્ટ છે અને એ જ દર્શન છે પછી.

**પ્રશ્નકર્તા :** સૂઝ જે છે એ માણસ પોતાની જન્મની સાથે લાવતો હશે ?

**દાદાશ્રી :** અનંત અવતારથી. સૂઝ સિવાય તો ગાડું આગળ ચાલે જ નહીં ને ! સૂઝ તો શરૂઆતથી જોડે છે જ. એક બાજુ સૂઝેય ખરી અને એક બાજુ બુદ્ધિય ખરી. બુદ્ધિમાં અહંકાર ભળેલો હોય. સૂઝમાં અહંકાર ભળેલો ના હોય.

**પ્રશ્નકર્તા :** સૂઝ પડે છે ત્યારે સૂઝમાં સૂઝ છે કે અહંકાર બોલે છે એ ખબર પડતી નથી.

**દાદાશ્રી :** અહંકારના પડઘા છે, તેને લીધે માણસ સૂઝનો લાભ પૂરેપૂરો ઉઠાવી શકતો નથી. સૂઝ તો દરેકને પડ્યા જ કરે. જેમ જેમ અહંકાર શૂન્યતાને પામતો જાય, તેમ તેમ સૂઝ વધતી જાય.

## અમારી સૂઝ એ તો કુદરતી બક્ષિસ

મારે એ જ વધારે હતું, સૂઝ બહુ જબરી ! જ્યાં ને ત્યાં ફોડ પડી જાય. એટલે સાંજે દસ-પંદર માણસ પૂછવા આવે, તેનો નિવેડો આવી જાય !

ઘણા લોકોને સૂઝ હોતી નથી. સૂઝ તો મહાપુણ્યશાળીઓને હોય ! સૂઝ શું કામ કરે ? જ્યારે ગૂંચવાયેલો આવ્યો હોય ને, ત્યારે એને નિરાધારપણું લાગે.

**પ્રશ્નકર્તા :** હં, એ સૂઝ નથી એટલે.

**દાદાશ્રી :** હા, નિરાધારપણું લાગે. પણ પછી આમ થોડીવાર બેસે, પછી મહીં સૂઝ પડી જાય કે 'આમ કરો ને, કશો વાંધો નહીં.' એટલે પછી ચાલ્યું. એવી સૂઝ પડી જાય મહીં. એ કુદરતી બક્ષિસ છે, એ પુરુષાર્થ નથી. જુદી જુદી જાતની સૂઝ હોય.

## વિપુલમતિને લીધે તુરંત જ તારણ કાઢે

**પ્રશ્નકર્તા :** (પત્ર વાંચે છે) 'આ ભાઈએ તેમના લખાણમાં પૂજ્ય દાદાશ્રીની બે લાક્ષણિકતાઓનો નિર્દેશ કર્યો છે; તે છે વિપુલમતિ અને કોઠાસૂઝ.'

**દાદાશ્રી :** વિપુલમતિ ને કોઠાસૂઝ. એવું કહે છે કે મેં દાદાને જોયેલા પહેલેથી એ.

**પ્રશ્નકર્તા :** લાક્ષણિકતા.

**દાદાશ્રી :** પછી ?

**પ્રશ્નકર્તા :** (પત્ર વાંચે છે) 'ઘટના નાની અને ક્ષુદ્ર હોય, પણ તેમાંથી નવું ઊંડું રહસ્ય

ભેદવાની સૂઝ દાદામાં છે. સામાન્ય પ્રસંગમાં પણ ઊંડું રહસ્ય શોધી કાઢવાનું...'

**દાદાશ્રી :** આ કોઠાસૂઝ અજ્ઞાનતામાં રહેલી. અને વિપુલમતિ એટલે શું ? પુસ્તક ઝાલે ને, તરત અડધા કલાકમાં આખોય સાર ખેંચી લે એનો. તરત મૂકી દે આવડું મોટું, જાડું પુસ્તક.

**પ્રશ્નકર્તા :** (પત્ર વાંચે છે) 'તેઓશ્રી પુસ્તકના પત્તા ફેરવીને તેના સાર તત્ત્વને શીઘ્ર ગ્રહી લે છે.'

**દાદાશ્રી :** હા. બધાય વાંચી રહ્યા હોય અને પછી એના એ જ વાંચેલાનું ઊંડું રહસ્ય મને જડ્યું હોય ને પેલાને ના જડ્યું હોય.

**પ્રશ્નકર્તા :** તે એ વખતે અમુક પેલી દૃષ્ટિ હશે ને, કે અમુક જિજ્ઞાસાવૃત્તિ કહો કે શોધકવૃત્તિ કહો, કે અમુક વસ્તુ જોઈએ છે, એ આમાં છે કે નહીં, અથવા એ વસ્તુનું કેટલું આમાં છે એવું શોધી લો આપ ?

**દાદાશ્રી :** આ શું કહેવા માગે છે, આમાં કંઈક..., આ કહેનાર માણસનામાં કંઈ બરકત છે કે નહીં, એટલું જોઈ લઉં. આમથી જોતો જોતો તે એની બરકત જોઈ લઉં. આમાં બરકત દેખાતી નથી એટલે પછી મૂકી દઉં, વાંચીને. વાંચીને નહીં, પણ એના એક-એક વાક્ય ગમે ત્યાંથી પકડી, એમાં શું બરકત છે એ જોઈ લઉં. કારણ કે આટલા પુસ્તકો, કેટલાય આખા પુસ્તકો, લાઈબ્રેરીમાં કંઈ પુસ્તકોનો પાર હશે ? હું પુસ્તકની પસંદગી કરતા બહુ વાર લગાડું. પસંદગી કર્યા પછી બરકત છે કે નહીં તે જોઈ લઉં. ત્યાં હજાર પુસ્તકમાંથી એકાદ પુસ્તકમાં સહેજ મને બરકત દેખાય. આ બીજા લોકોએ તો પોતાના અહંકાર ગાયા છે. કશું ભલીવાર નથી.

અમને તો પહેલેથી જ જગતના શબ્દેશબ્દનો વિચાર આવે. પહેલા ભલે જ્ઞાન નહોતું, પણ વિપુલમતિ એટલે બોલતાની સાથે જ ફોડ પડે, ચોગરદમના તોલ થાય. વાત નીકળે તો તરત જ તારણ નીકળી જાય, આને 'વિપુલમતિ' કહેવાય. વિપુલમતિ હોય જ નહીં કોઈને ! 'આ' તો એક્સેપ્શન (અપવાદ) કેસ બની ગયો છે ! જગતમાં વિપુલમતિ ક્યારે કહેવાય ? એવરીવેર એડજસ્ટ કરી આપે એવી મતિ હોય. આ તો કાચું કાપવાનું હોય તેને બાફી નાખે અને બાફવાનું હોય તેને કાચું કાપી નાખે, તો ક્યાંથી એડજસ્ટ થાય ? પણ એવરીવેર એડજસ્ટ થવું જોઈએ.

## પૂર્વભવનો સામાન બહુ ઊંચો લાવેલા

**પ્રશ્નકર્તા :** દાદા, એ કોમનસેન્સ જે છે તે કેવી રીતે આવતી હશે ? એ જે કોઠાસૂઝ જે કહે છે, એ કેવી રીતે... ?

**દાદાશ્રી :** નહીં, એ તો પૂર્વનું બધું.

**પ્રશ્નકર્તા :** એ પૂર્વનું ?

**દાદાશ્રી :** પૂર્વનું. પૂર્વનો સામાન બધો લઈને આવેલો. એ તો લાવેલા હોય ને, તે સમજણ પડી જાય તરત બધાની. ગૂંચવાડો બધાનો કાઢી આપતો હતો. તેથી 'અંબાલાલભાઈ' કહે ને, નહીં તો કોઈ કહેતું હશે કે ? છ અક્ષર તે કોઈ બોલતું હશે ? આમ ચાર અક્ષરેય બોલતા અઘરા પડે છે લોકોને.

**પ્રશ્નકર્તા :** એ બરોબર છે.

**દાદાશ્રી :** બધાનો, પાંચસો માણસોનો ગૂંચવાડો પડ્યો હોય ને, તે જ્ઞાન નહોતું તોય ગૂંચવાડો બધો કાઢી આપતો'તો. સૉલ્યુશન કરેલા, હોં. પાછું મારા એકલાના નહીં, બધાના. બધા આવે ને, એ બધા ગૂંચાયેલા હોય. તે મહીંથી નીકળે. આ કબાટમાં માલ બહુ સારો. પૂર્વભવે કંઈક કરેલું ને, બધું !

**પ્રશ્નકર્તા :** આ પહેલા સંસારના નિવેડા નીકળતા હતા, હવે અહીં કાયમના નિવેડા નીકળતા થયા !

**દાદાશ્રી :** હા...

**પ્રશ્નકર્તા :** દાદા, આ તમે લોકોનો ગૂંચવાડો કાઢી આપતા'તા એટલે એવી બુદ્ધિ, બુદ્ધિકળા ડેવલપ થયેલી ને ?

**દાદાશ્રી :** એ ગમે તે હોય, પણ પૂર્વભવનો માલ બહુ સરસ લાવેલો ! એમ ને એમેય દિવાળીના દહાડે પગે લાગવા આવે લોકો, ભઈબંધ, ભાગીદારો-બાગીદારો બધાય.

**પ્રશ્નકર્તા :** એ આગલી પુણ્યૈ ખરી ને ?

**દાદાશ્રી :** પુણ્યૈ તો ખરી પણ આ માલ બહુ સારો ભરી લાવેલો પૂર્વનો ! વ્યવહારિકતા બહુ, આખું જ્ઞાન ને બધું લઈને આવેલો. એ જ્ઞાન તો, આ પ્રગટ થયું ત્યારે જ્ઞાન થયું, નહીં તો ત્યાં સુધી બુદ્ધિરૂપે હતું.

## તટસ્થતા સાથે ગૂંચ ઉકેલતા

**પ્રશ્નકર્તા :** જ્ઞાન પહેલા તમારામાં તટસ્થતા બહુ વર્તાતી. કોઈની કંઈ પણ વાત આવે તો તેમાં તમે તટસ્થતાપૂર્વક એ જોતા એટલે ઘણા પ્રૉબ્લેમ ઊકલી જતા.

**દાદાશ્રી :** હા, ઊકલી જતા. તટસ્થતાથી જોતો હતો.

**પ્રશ્નકર્તા :** હા, તટસ્થતા બહુ, નહીં તો ઉકેલ આવે નહીં.

**દાદાશ્રી :** તટસ્થતાથી. એટલે લોકોનો પ્રેમ બહુ સંપાદન કરેલો. વડોદરામાં, બધી નાતોવાળા. અમદાવાદના પાટીદાર એકલા નહીં, કાઠિયાવાડના પાટીદારો, આપણે ચરોતરના પાટીદારો, આમના પાટીદારો, ઉત્તર ગુજરાતના પાટીદારો. જૈન વાણિયા એકલા નહીં, ગામડાના જૈન, અહીંના જૈન, બધાય. તે લગ્નમાં પહેલો મને બોલાવે. એની જરા આબરૂ વધે. એ કહેશે, 'સારા માણસ ગણાય છે.' અને મારો રોફ પડે. મારે જે જોઈતું હતું એ મને મળ્યું. એમને જે જોઈતું હતું તે...

એટલે મને દરેક કોમ્યુનિટીવાળાએ સ્વીકાર કરેલો. એટલે વન ઑફ ધી હેડ મેમ્બર્સ (એક મુખ્ય સભ્ય) તરીકે. પૈસા (વધારે પડતા) નહીં પણ મારી પાસે જુબાન બહુ સરસ ! અને ખાનદાની સરસ ! ઊંચી ખાનદાની ! મોટા મોટા શેઠિયાઓ હું જઉં એટલે આઘાપાછા થઈ જાય એવી મારી પર્સનાલિટી, શ્રીમંતાઈ નહીં. શ્રીમંત તો આપણું ગાડું ચાલે એટલું. એ પાંચ-પચાસ હજાર... લાખ રૂપિયા, બે લાખ પડ્યા હોય એ, બીજું કંઈ નહીં. અને પૈસા ધંધામાં ખરા.

**પ્રશ્નકર્તા :** દાદા, પણ એ તમારા જ્ઞાન પહેલાની ભૂમિકામાં ભારોભાર તટસ્થતા દેખાય છે. જ્ઞાન થતા પહેલાના જીવનમાં ભારોભાર તટસ્થતા રહેતી'તી જ એમ, રિલેટિવમાં પણ.

**દાદાશ્રી :** હા, પહેલેથી રહેતી.

**પ્રશ્નકર્તા :** અને તેના કારણે લોકોની ગૂંચો બહુ ઉકેલતા'તા.

**દાદાશ્રી :** હા, બહુ ઉકેલતા'તા.

**પ્રશ્નકર્તા :** હા, કારણ કે તમારે કંઈ લેવાદેવા નહીં.

**દાદાશ્રી :** એ ગૂંચો ઉકેલાતી'તી, એટલે જ મારે ત્યાં ગાડીઓ મૂકી રાખતા'તા.

**પ્રશ્નકર્તા :** પણ એ જગ્યાએ તમારી ભૂમિકા

એવી હતી કે એમાં સંડોવાયા વગર તમે જોઈ શકતા'તા. અને પેલા લોકો સંડોવાઈને જોતા'તા.

**દાદાશ્રી :** હા.

**પ્રશ્નકર્તા :** એટલે જ એમને સમજણ ના પડે.

**દાદાશ્રી :** એટલે એ મારી પાછળ ફર્યા કરતા'તા અને મારે આ સ્વાદ જોઈતો'તો, 'આવો અંબાલાલભાઈ' ને આમ ને તેમ. ત્યાં જઈએ તે પહેલા ચા-પાણી બધું આમ આપણે જોઈએ. બસ આટલું જ, રૂપિયા-બુપિયાની ભાંજગડ નહીં.

**પ્રશ્નકર્તા :** નહીં, નહીં. તે આ વાતો પરથી સમજણ પડે છે. એ એક જાતની ભારોભાર મૂડી હતી કે વસ્તુને તટસ્થ રીતે એના બધાય પાસા સાથે જોઈ શકતા'તા.

**દાદાશ્રી :** હા, દેખાતા બધા પણ. એય હતું, બોધકળા પહેલેથી રહેતી'તી. જ્ઞાનકળા નહોતી પણ બોધકળા હતી. બોધકળા ! જે આ બધું બોલું છું ને અત્યારે, એ બધી બોધકળાઓ હતી.

વ્યવહાર જો ચોખ્ખો થાય તો જ મોક્ષ થાય, નહીં તો આ બધી વાતોથી કંઈ મોક્ષ થાય નહીં. વ્યવહારની બધી કડીઓ મળવી જોઈએ. એ બધી કડીઓ અમારી પાસે છે. બોધકળા અને જ્ઞાનકળા, બન્નેય કળા અમારી પાસે છે. બોધકળાથી વ્યવહાર ચોખ્ખો થાય અને જ્ઞાનકળાથી મુક્તિ થાય. એ બન્નેય કળા છે, તેની મહીં આપણું કામ કાઢી લેવું !

## દાદા શીખવે 'ટોપ' વ્યવહારની સમજણ

**પ્રશ્નકર્તા :** અધ્યાત્મમાં તો આપની વાત માટે કંઈ કહેવાનું જ નથી, પણ વ્યવહારમાંય આપની વાત 'ટોપ'ની વાત છે.

**દાદાશ્રી :** એવું છે ને, કે વ્યવહારમાં 'ટોપ'નું સમજ્યા સિવાય કોઈ મોક્ષે ગયેલો નહીં, ગમે તેટલું બાર લાખનું આત્મજ્ઞાન હોય પણ વ્યવહાર સમજ્યા સિવાય કોઈ મોક્ષે ગયેલો નહીં ! કારણ કે વ્યવહાર છોડનાર છે ને ! એ ના છોડે તો તમે શું કરો ? તમે 'શુદ્ધાત્મા' છો જ પણ વ્યવહાર છોડે તો ને ! તમે વ્યવહારને ગૂંચવ ગૂંચવ કરો છો. ઝટપટ ઉકેલ લાવો ને !

અમે હઉ વ્યવહારની વાત ઝીણી ઝીણી બોલીએ છીએ, એનું શું કારણ ? અમે જ્ઞાનમાં રહીએ છીએ. તે વખતે જ્ઞાન હાજર હોય. વ્યવહારના બેઝમેન્ટ ઉપર રહેલું આ જ્ઞાન છે. પહેલો આ વ્યવહાર શીખવાનો છે. વ્યવહારની સમજણ વગર તો લોકો જાતજાતના માર ખાય છે.

## આખીય જિંદગી લોકોના દિલ ઠારેલા

હું વ્યવહારમાં રહું સરસ. તે બધી નાતમાં ઓળખે લોકો બધાય. અમદાવાદી પાટીદારો, જૈન હોય, ગામડાના જૈન હોય, શહેરના જૈન હોય, લુહાણા-બુહાણા, બીજા બધાય ઓળખે. એટલે અંબાલાલભાઈ થઈ ગયેલા પ્રખ્યાત, તે કંકોતરીઓ આવે તે ત્યાં આગળેય ચાંદલા કરી આવું. હવે મારે એકુંય છોડી નહીં પૈણાવાની, નહીં છોકરો પૈણાવવો. મને લોકો કહેય ખરાં, 'તમારે છોડી-છોકરાં પૈણાવાના નથી, શું કરવા ચાંદલા કરો છો ?' મેં કહ્યું, ત્યાં ચાંદલા કરું છું તે નામ કાઢવા માટે. અને નામ નીકળે નહીં કોઈ દહાડો આમાં, આ તો ઊંધા પૈસા જાય. તે બધી નાતોમાં જઉં. અને બે-ત્રણ જણને તો છોડી હઉ પૈણાવી દીધી'તી. પણ તે મારે ત્યાં જે નોકરી કરતા'તા તેની. છોડી પૈણાવી એટલે વધારે નહીં, બે-ત્રણ હજાર આપીને. ત્રણેક હજાર રૂપિયા હોય તો પતી જાય એ જમાનામાં.

**પ્રશ્નકર્તા :** તે જમાનામાં બે-ત્રણ હજારમાં પતી જતા'તા, બરોબર.

**દાદાશ્રી :** તે હજાર અમારી કંપનીના બોનસ તરીકે આપી દઉં અને બે હજાર મારા ઘરના આપી દઉં. પણ એ ઊંચું મૂકી આપું. લોકોના દિલ ઠારેલા, દિલ દુભાવેલા નહીં. અત્યારે દિલ નથી ઠારતો હું બધાના ? તમે મારું ઠારો છો કે હું તમારું ઠારું છું ?

**પ્રશ્નકર્તા :** ના, ના, તમે અમારું ઠારો છો. આપનું દિલ ઠારવાના હોત તો અમારી કેવી પુણ્યૈ !

**દાદાશ્રી :** એ લોકોના દિલ ઠારેલા. એ જ મુખ્ય વસ્તુ છે, દિલ ઠારવાનું ! એ પૈસા આપ્યાથી પતતું નથી. તીર્થંકરોએ કેટલાય લોકોના દિલ ઠાર્યા. એમને કાયમના નમસ્કાર હોય ! નર્યો દુઃખનો સમુદ્ર આ તો. આધિ-વ્યાધિ-ઉપાધિ, ત્રણ જાતના તાપ સળગે. તે પહેલા તો લાકડાની અગ્નિથી સળગતા'તા, અત્યારે તો પેટ્રોલની અગ્નિથી સળગે છે. કેટલી આધિ-વ્યાધિ ને ઉપાધિ છે ને ?

**પ્રશ્નકર્તા :** હં.

## સુપરહ્યુમનના ગુણ દીસે બચપણથી

**પ્રશ્નકર્તા :** દાદા, એ જાણવું હતું કે આપને જ્ઞાન થતા પહેલા એની કંઈ પૂર્વભૂમિકા તો તૈયાર થતી હશે ને ? એકદમ તો જ્ઞાન ના આવી જાય ને ?

**દાદાશ્રી :** પૂર્વભૂમિકા ખરી, મને સુપરહ્યુમન કહેતા લોક, બાવીસ વર્ષની ઉંમરે. મારું મિત્ર સર્કલ હતું, એ 'તમારો વ્યવહાર સુપરહ્યુમનનો છે' એમ કહેતા'તા. શું કહેતા હતા ?

**પ્રશ્નકર્તા :** સુપરહ્યુમન.

**દાદાશ્રી :** સુપરહ્યુમન કોને કહેવાય, સાહેબ ?

**પ્રશ્નકર્તા :** જે મહામાનવ, પરમ આત્મા હોય એવા.

**દાદાશ્રી :** ના, પોતાનું સુખ પોતાને જરૂર હોવા છતાં જે બીજાને આપી દે છે, એ સુપરહ્યુમન કહેવાય. અગર તો તું મને દસ વખત નુકસાન કરું, તોય તું મુશ્કેલીમાં આવે તો હું તને હેલ્પ કરું, એ સુપરહ્યુમન કહેવાય.

## નુકસાન કરનારનેય હેલ્પ કરવી

**પ્રશ્નકર્તા :** એટલે અપકાર ઉપર ઉપકાર કરનાર ?

**દાદાશ્રી :** હા, અપકાર ઉપર ઉપકાર કરનાર. એ સહેલી વસ્તુ નથી, અપકાર ઉપર ઉપકાર કરવો. ઈન્સાનિયત કોનું નામ કહેવાય ? કોઈએ ઉપકાર કર્યો હોય તેનો ઉપકાર ભૂલે નહીં અને એનો સામો ઉપકાર કરી આપે. અને દૈવી માણસ, સુપરહ્યુમન કોને કહેવાય ? તમે ફરી વખત નુકસાન કરો તોય એ ફરી વખત સારું કરે. હું મારો સ્વભાવ છોડું નહીં. તમે તમારો...

**પ્રશ્નકર્તા :** એ એનો સ્વભાવ છોડે નહીં.

**દાદાશ્રી :** મને એક માણસે કહ્યું'તું, કે 'મેં આઠ-આઠ, દસ-દસ વખત તમને અવળું કર્યું છતાં તમે સવળું કરો છો, એનું શું કારણ ?' મેં કહ્યું, 'હું મારો સ્વભાવ ચૂક્યો નથી ને તમે તમારો સ્વભાવ ચૂક્યા નથી.' ત્યારે એ કહે, 'શું તમે સમજતા નથી ?' મેં કહ્યું, 'ના, સમજીને કરું છું આ. હું કંઈ ભોળો માણસ નથી.'

પછી મિત્રો મને કહે, 'આવું તો હોતું હશે ?' આ માણસ નુકસાન કરી ગયો તેને તમે છે તે ઉપરથી હેલ્પ કરો છો ? ત્યારે મૂઆ, નુકસાન કરે તેને જ હેલ્પ કરવાની હોય, બીજા કોને હેલ્પ કરવાની હોય ? નુકસાન કરે છે, ત્યારે ના સમજીએ કે આ માણસ દુખિયો છે બહુ. એને જ હેલ્પ કરવાની હોય.

## સુપરહ્યુમનને વર્તે મહીંનું સુખ અપાર

સુપરહ્યુમન તને સમજાયું ?

**પ્રશ્નકર્તા :** હા, ખ્યાલ આવી ગયો. સામો માણસ બરોબર વર્તે નહીં છતાં પણ આપણે એની સાથે સારી રીતે વર્તવું એ સુપરહ્યુમન.

**દાદાશ્રી :** એ અપકાર કરે ને, તોય આપણે ઉપકાર કર્યા કરવો. તને સમજાયું ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તો તારો શો મત હવે ?

**પ્રશ્નકર્તા :** મારો મત સુપરહ્યુમનનો વિચાર કરવાનો. સુપરહ્યુમન તરફ મત છે.

**દાદાશ્રી :** શું વાત કરે છે તું ! એ અવળું કરે તોય ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એમ ! સારું કહેવાય. પણ આ જો સમજે માણસ કે આના જેવી ડિગ્રી મળશે તો સીધો ચાલે કે ના ચાલે ? એ બધું જાણે ને, ત્યાર પછી મહીં પોતાના ભાવ-વિચાર કરે ને ?

**પ્રશ્નકર્તા :** હા, બરોબર છે.

**દાદાશ્રી :** હું બાવીસ વર્ષનો હતો ત્યારે આ સુપરહ્યુમન શબ્દેય મને ખબર નહોતો. તે મારા ફ્રેન્ડ સર્કલમાં એક જણ બહુ બુદ્ધિશાળી હશે ને, તે 'ભઈ, તમારી વાત ના થાય, તમે સુપરહ્યુમન માણસ', કહે છે. બળ્યું, મને એમ થયું કે હું સુપરહ્યુમન ? મારામાં શું સુપરહ્યુમન જેવું ? તે મને મારા દોષો જ દેખાયા કરે. મને તો મારા દોષો હોય તે ખૂંચ્યા કરતા હોય ને ?

**પ્રશ્નકર્તા :** ખરી વાત છે.

**દાદાશ્રી :** પણ પેલા બધાને સુપરહ્યુમનપણું દેખાયા કરે. બધે વ્યવહાર બધો સુપરહ્યુમન જેવો લાગે. ત્યારે મેં કહ્યું, 'સુપરહ્યુમન એટલે શું ?' ત્યારે કહે છે, 'તમે જો કેટલી બધી વખત લોકોની ઉપર ઉપકાર કરો છો ને છતાં જ્યારે લોકો નુકસાન કરે છે તોય તમે લેટ-ગો (જતું) કરો છો, અને ફરી પાછો ઉપકાર કરો છો.' તે દહાડે એ માણસે એ સુપરહ્યુમનનો સમજાવેલો અર્થ તને સમજાવું છું આ. મને 'સુપરહ્યુમન' કહે અને મને એમાં બહુ ઈન્ટરેસ્ટ આવતો'તો. કારણ કે મહીં સુખ બહુ વર્તે ને ! બહારનું કપડું ફાટી ગયેલું હશે, પણ અંદરનું સુખ બહુ હોય. બહાર તો લોક લૂંટી જાય, પણ અંદરનું સુખ બહુ વર્તે !

## પારકાના સુખ હારુ જીવનારને શું દુઃખ ?

જેણે પોતાનું સુખ સામાને આપી દીધું, પોતે ન વાપર્યું અને બીજાને આપી દીધું, કે હું ભલે ભૂખ્યો છું પણ આ ભૂખ્યો હશે, 'લે, તું ખાઈ લે, ભાઈ.' તો એ સુપરહ્યુમન, તે દેવગતિના સુખ ભોગવે. અને આમાં શું સુખ ? આપણે ખાઈને શું કાઢવાનું છે તે ? કો'ક ધરાય ને, તો આપણને આનંદ થઈ જાય ! કેટલો બધો આનંદ થાય તે ઘડીએ ! પોતે ખાઈને શો આનંદ, કોઈને થયો ? રોજ કાજુ જ ખા ખા કરે છે ને બધું ખા ખા જ કરે છે ને, પણ કોઈના મોઢા પર આનંદ મેં જોયો નથી ! પણ જ્યારે કો'ક ખાય તો આપણને કેવો આનંદ થાય !

મને બાવીસ વર્ષે અહંકાર, પાર વગરનું ગાંડપણ હતું. પણ છતાંય સુપરહ્યુમન કહેતા હતા. કારણ કે મારું પોતાનું સુખ આખી જિંદગી આપી દીધું લોકોને. મારું પોતાનું સુખ જે હોય ને, તે પણ આપી દીધું, મારી પાસે રહેવા દીધું નથી. હું તો આપી દેતો'તો. કારણ કે મને આમાં સુખ લાગતું જ નહોતું. સુખ આમાં છે જ ક્યાં તે ? આ તો

ભ્રાંતિથી માનીએ તો આમાં સુખ છે, બાકી આમાં કશું ફેક્ટ, કરેક્ટ (સાચી) વસ્તુ નથી. સુખ તો વગર મહેનતે પ્રાપ્ત થાય એનું નામ સુખ કહેવાય. આ તો હૅન્ડલ મારી (મહેનત કરી) અને સુખી થવું એનો શો અર્થ છે તે ?

અને મને સુખ ના મળે તેનો વાંધો નહીં, તમને બધાને થવું જોઈએ. પહેલેથી જ સ્વભાવ આવો. મારા સુખ ભણી તો મેં જોયું જ નથી, મારી આખી જિંદગીમાં જોયું નથી. અને મારો ધંધોય મેં મારી આખી જિંદગી કર્યો નથી. લોકોના સુખને માટે જ જીવન ગયું છે. અને મને દુઃખ પડ્યુંય નથી. કારણ કે પારકા હારુ જીવનારને દુઃખ હોય કશું ? મારે પછી બીજું શું જોઈએ ? બેંકમાં પૈસા મૂકવા જવાનો જેને કંટાળો છે, પછી બેંકમાંથી લાવવાનો જેને કંટાળો છે, ચેક લખવાનો જેને કંટાળો છે, તેને બીજું શું જોઈતું હોય ?

**પ્રશ્નકર્તા :** કંઈ જ નહીં.

## લોકોને સુખ આપવું બને એટલું

**દાદાશ્રી :** લોકોને સુખ આપવું બને એટલું. પૈસા ના હોય તો ઓબ્લાઈજ કરવું, આ બીજું કરવું, અનેક જાતનું હોય છે. કંઈ પૈસા એકલાથી સુખ અપાતું નથી, પણ ફેરો ખઈને, ધક્કો ખઈને, ગૂંચાયેલો હોય એને સારી સમજણ પાડીને (સુખ આપી શકાય). પોસ્ટમાં જતા હોય તોય પાડોશીને પૂછીએ, કે 'ભઈ, તમારે કંઈ પોસ્ટનું કામ હોય તો કહો મને, કરતો આવું.' શું વાંધો ભાઈ ?

**પ્રશ્નકર્તા :** કશો વાંધો નહીં, દાદા.

**દાદાશ્રી :** હું તો નાનપણમાં ઘેરથી શાક લેવા નીકળું ને, તે પાડોશીને હઉ પૂછું કે તમારે શાક લાવવું છે ? એક ધક્કામાં ચાર ધક્કા(નું કામ) થાય. અને આખી જિંદગી પારકા માટે જ કાઢેલી.

## પારકા હારુ જીવવામાં દેખાઈ ગયેલો નફો

તે હું તો અમથો જતા-આવતા બહાર નીકળું, જ્ઞાન નહીં થયેલું તે દહાડે, તે જ્યારે નીકળું ત્યારે લોકોના મનમાં ભાવ વધારે થાય કે આ અંબાલાલ આવે તો સારું. જ્ઞાન નહીં થયેલું તોય ભાવ બહુ. કારણ કે મારા પોતાના માટે આખી જિંદગી મેં કર્યું નથી. ધંધા ચાલ્યા ઠેઠ સુધી, અત્યાર સુધી ચાલ્યા, પણ મારા પોતાના માટે નથી કર્યું મેં. અને જગત શું કરે ? કોના હારુ કરે ?

**પ્રશ્નકર્તા :** પોતાના માટે.

**દાદાશ્રી :** હં, અમે બીજાને માટે જ લાઈફ ગાળેલી. પોતાનું કામ કે પોતાની જાતને જોવાની નહીં, સામાની જ મુશ્કેલી હું સદાય જોતો. મારી જાત માટે કંઈ કરવાનું જોતો નહીં, પણ સામાની મુશ્કેલી સદા જોતો અને દૂર કરતો. મારો ધંધો એમ ને એમ ચાલ્યા જ કરતો'તો. સામાને શું અડચણ પડે છે એ જોવાનું.

**પ્રશ્નકર્તા :** આ જાતનો વિશ્વાસ તમને ક્યારથી થયેલો, ધંધો ચાલ્યા જ કરે એમ ?

**દાદાશ્રી :** એ તો કેટલાય અવતારનો. આ તો એક અવતારનું નહીં બધું, પહેલાના અવતારનું આ અને એના ફળરૂપે આ આવ્યું ને એનું આ ચાલ્યા કરે. અને આમાં (બીજાને મદદરૂપ થવામાં) નફો છે એવું દેખાઈ ગયેલું.

## પારકા હારુ જીવે તેને સંસાર અડે નહીં

મેં શું કરેલું ? પુણ્ય જ બાંધ બાંધ કરેલું. હવે પુણ્ય કેવી જાતનું ? 'તમારે શું અડચણ છે ? તારે ભાઈ શું અડચણ છે ?' મારી તો ચિંતા જ નહીં કરેલી, પારકાની જ ચિંતા. મારું તો કર્મના ઉદયે જે થવાનું હશે તે થશે, પણ પારકાની ચિંતા.

પારકા માટે જ હું જીવતો'તો, મારા પોતાના

માટે જીવ્યો નથી. એક કલાકેય મારા પોતાના માટે જીવ્યો નથી. અત્યારેય હું પારકા માટે જ જીવું છું. મારા માટે તો જીવવાનું રહ્યું જ નથી હવે. એવું તમે કેટલાય વખતથી નથી જોતા, જ્યારથી ભેગા થયા ત્યારથી ?

**પ્રશ્નકર્તા :** જોયા છે.

**દાદાશ્રી :** તે એવી જ લાઈફ હતી, આખીયે લાઈફ. મારી આખી જિંદગી ઓબ્લાઈજિંગમાં જ ગયેલી છે. ઘેર વાપર્યું નથી મેં. આપી છૂટેલો છું બધાને.

**પ્રશ્નકર્તા :** હા, વાત સાચી.

**દાદાશ્રી :** કારણ કે (પોતાના માટે) વાપરવાનો મારો સ્વભાવ નથી. કો'કને કામ લાગે. હું તો અહંકારેય કરતો'તો, તે કેવો કરતો'તો ? પચ્ચીસ-ત્રીસ વર્ષની ઉંમરે પણ અહંકાર કરતો'તો ને, તેય વિચિત્ર પ્રકારનો અહંકાર કરતો. આ ભઈ મને મળ્યા અને જો એમને લાભ ના થાય તો મારું મળવું ખોટું હતું. એટલે દરેક માણસ લાભ પામેલો.

આંબો શું કહે છે ? મને ભેગો થયો ને કેરીની સિઝન હોય અને જો સામાને લાભ ના થાય તો હું આંબો જ નહીં. ભલે નાની હોય તો નાની, તને ઠીક લાગે તે, પણ તને એનો લાભ તો થાય ને ! એ આંબો કંઈ પોતે લાભ ઉઠાવતો નથી. એવા કંઈ વિચાર તો હોવા જોઈએ ને ! અને પુણ્યરૂપી મિત્ર જોઈતો હોય તો આ ઝાડ પાસેથી શીખી લે, કે યોગ-ઉપયોગ પરોપકારાય. આ ઝાડ પાસેથી તું શીખી લે, કે આ આંબો કેરીઓ આપે છે તને, ઉપરથી ઝૂડિયું (જેનાથી ઝુડાય એવી સોટી) મારે તોય કેરી આપે. આમ ઝૂડિયું મારે ને, તોય કેરી આપે. ઢેખાળો મારે તોય કેરી આપે. એ કેરીઓ ખવડાવે. લાકડા બાળવા જોઈતા હોય તો કાપવા દે. લાકડા આપે, બધું આપે. એને કશું જોઈતું નથી તમારી પાસેથી અને તમે ચોંટી પડ્યા છો એની ઉપર માલિકીપણાનો દાવો માંડીને. એ એની જમીનમાં ઊગ્યું છે ને તમે કહો છો, 'આ મારી જમીન છે.' એ આંબો જાણતો નથી કે આ જશુભાઈની જમીન છે, કે હું જશુભાઈનો આંબો છું એવું. આ તો જશુભાઈ ચોંટી પડ્યા છે. 'આ જમીન અમારી ને આ આંબો અમારો', કહે છે. પણ એ આંબાનો બધો યોગ ને ઉપયોગ બધો પરોપકારને માટે !

**પ્રશ્નકર્તા :** પરોપકાર માટે.

**દાદાશ્રી :** તો માણસનુંય એવું હોવું જોઈએ. માણસના 'યોગ-ઉપયોગ પરોપકારાય' એટલે શું ? એનો અર્થ શો ? ત્યારે કહે, આ મન-વચન-કાયાનો યોગ તે પારકા માટે હોવો જોઈએ, પરોપકારને માટે હોવો જોઈએ. અને ઉપયોગ એટલે શું ? ત્યારે કહે, બુદ્ધિ-અહંકાર એ બધું પારકા માટે. 'યોગ-ઉપયોગ પરોપકારાય.'

**પ્રશ્નકર્તા :** આપ્તવાણી-૩માં લખ્યું છે, 'આ લાઈફ જો પરોપકાર માટે જશે તો તમને કશીય ખોટ નહીં આવે, કોઈ જાતની અડચણ નહીં આવે. તમારી જે જે ઈચ્છા હશે એ બધી પૂરી થશે.'

**દાદાશ્રી :** હવે બીજા શા ધર્મ કરવાના ? આમાં કંઈ કર્મકાંડ ને ક્રિયાકાંડની જરૂર છે એવી ? અહીં પરોપકારના દરેક કામ કર ને ! પારકા હારુ જીવતો હોય ને, તેને સંસાર બહુ અડે નહીં. એવા થોડાક માણસો હોય છે.

## મને મળ્યો માટે એને લાભ થવો જ જોઈએ

તને સમજ પડે છે કે કો'કના ઉપકારમાં આવવું એ ફાયદો છે ? એ મને કહે તું. કો'કના ઉપકારમાં આવવું તને ગમે છે કે ઉપકાર કરવો ગમે છે ?

**પ્રશ્નકર્તા :** ઉપકાર કરવો ગમે.

**દાદાશ્રી :** તો એ ધ્યેય નક્કી કરી નાખ, કે આપણાથી પાંચ-દસ હજાર માણસોય પણ કંઈક શાંતિને પામે, લાભને પામે. આપણા થકી કંઈ પણ પામો. નાનપણમાંથી મેં નક્કી રાખેલું કે કોઈ પણ માણસ મને મળ્યો એટલે એને લાભ થવો જ જોઈએ. વીસ વર્ષેય હું બોલતો'તો, મને મળ્યો માટે લાભ થવો જોઈએ. મને કેમ મળ્યો આ ? તું કયા પુણ્યના આધારે મને ભેગો થયો ? ફાધર-મધરેય મને ભેગા થયા તે એમને લાભ થવો જ જોઈએ, એવો હું નિશ્ચયવાળો માણસ. નહીં તો આપણા અપશુકન થયા લોકોને, એ આપણે શું કામના ? આપણાથી લોકોને લાભ ના થવો જોઈએ ?

**પ્રશ્નકર્તા :** થવો જ જોઈએ, ચોક્કસ, લાભ થવો જ જોઈએ.

**દાદાશ્રી :** એકલો રાજી નહીં, પણ એને લાભ થવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** કોઈ મને ગાળો ભાંડતો હોય તેનેય પણ લાભ થવો જોઈએ. આ સિદ્ધાંત મારો નાનપણથી હતો. જો મારા શુકન ના થતા હોય, અપશુકન થતા હોય તો હું માણસ જ શેનો ? લાભ થવો જ જોઈએ ને, કે 'દાદા મળ્યા એટલે મને લાભ થયો.' જો શુકન થયા ને ! પણ થતા હતાયે ખરા. મારી ભાવના હતી ને આ.

**પ્રશ્નકર્તા :** જયંતીભાઈને તો બહુ લાભ થયો, દાદા.

**દાદાશ્રી :** આ તો અમારામાં નાનપણથી ભાવ હતો. આ જ્ઞાન થતા પહેલાનો ભાવ હતો કે મને મળ્યો એટલે કંઈ પણ સંસારી એને ફાયદો થવો જ જોઈએ, ને ના થાય તો મારું અસ્તિત્વ જ કામનું નથી. સંસારી ફાયદા માટે લોકો આવે બિચારા, અને ફાયદો ન થાય એનો, તો મીનિંગલેસ. એવી વાત કરવાનો શું અર્થ છે ? ફાયદો થવો જ જોઈએ. એ ગમે એટલો નાલાયક હોય તેનું મારે જોવાનું નહીં. પણ હું તને ભેગો થયો અને જો કદી મારા તરફની સુગંધી ના આવી તો શું ફાયદો ? આ અગરબત્તી નાલાયકને સુગંધી આપે કે ના આપે ?

**પ્રશ્નકર્તા :** આપે. નાલાયકોનેય આપે, બધાયને આપે.

**દાદાશ્રી :** એવી રીતે મારી સુગંધી જો તને ના અડી તો પછી મારી સુગંધી જ ના કહેવાય ! એટલે કંઈક લાભ થવો જ જોઈએ, આવો નિયમ મારો.

## મને મળે એને સુખ થવું જ જોઈએ

અમારા મામી અત્યારે છે તે પંચ્યાસી વર્ષના છે. તે મારા મનમાં એમ ઈચ્છા કે આ મામીએ મને નાનપણમાં ઊંચકીને આમથી આમ ફેરવ્યો, તે હજુ મને યાદ છે. માટે મામી આ જ્ઞાનને કેમ કરીને પામે, તે મામી એવા પામ્યા છે, કે નિરંતર એમને દાદા... ભાણાભાઈ જ યાદ રહ્યા કરે છે. અને 'હું શુદ્ધાત્મા છું', અત્યારેય એવું શુદ્ધાત્મા રહે છે. હમણે જાત્રા કરાવી આવ્યો બધેય. આપણી ગાડી લઈને ગયા'તા. એટલે મામી, મામાના છોકરાંઓ બધા આ જ્ઞાન કેમ પામે એવી ભાવના... કારણ કે મને ભેગા થયા... અને એક મામા એવા હતા ને, તે જરાક એવા જ, ઓલિયા જેવા હતા. તે મને જ્ઞાન થતા પહેલા આ કહેવા આવ્યા'તા. મને કહે છે, 'ભાણાભાઈ, આપની પાસે કશુંક છે, અને મને કશુંક આપજો, હું મામો થઉં ને !' તે મારી ઉંમરના હતા, સરખી ઉંમરના હતા. ત્યારે કહે, ''મેં તમને બોરા ખવડાવ્યા'તા, રાયણા ખવડાવ્યા'તા.

આ બધું તમને નહોતું ખવડાવતો ? અને તમે તો પહેલેથી કૃષ્ણ જેવા હતા. તમારું ચરિત્ર તો કૃષ્ણ ભગવાન જેવું હતું. તમે તો કૃષ્ણ જેવા હતા. દહીં ખઈ જતા'તા, માખણ ખઈ જતા'તા, તે બધું મને યાદ છે. માટે કંઈક મારું કામ કાઢજો.'' મેં કહ્યું, 'મામા, કાઢી આપીશું કામ.' પછી એમનેય જ્ઞાન આપ્યું. મામા અત્યારે ફરે-કરે છે. 'બસ, થઈ ગયું કામ ! હવે એક સત્સંગ મંડપ બંધાવું છું અને દાદાનો સત્સંગ અમારા ગામમાં ચાલુ કરી દઈશું', કહે છે.

એટલું મારા મનમાં રહેતું'તું કે મને મળ્યો એટલે એને કંઈક સુખ ઉત્પન્ન થવું જોઈએ મારા નિમિત્તે. ધર્મ ના પ્રાપ્ત થાય, તો વેપારિક ફાયદો થાય, એવુંય એને થવું જોઈએ. મને કેમ મળ્યો ? માટે એનો દંડ આ (!) શું કહ્યું ?

**પ્રશ્નકર્તા :** એનેય ફાયદો એ નિમિત્તે.

**દાદાશ્રી :** મને કંઈક મળ્યો માટે દંડ (!) નાનપણથી જ એ ભાવના હતી, કે મને મળ્યો એટલે એને કંઈનું કંઈ સુખ થવું જ જોઈએ. નહીં તો મારું મળેલું એનું નકામું જાય.

મહાત્માઓ : જય સચ્ચિદાનંદ !

**દાદાશ્રી :** એટલો બધો ઈગોઈઝમ રાખતો'તો કે હું મળ્યો ને જો એને દુઃખ રહ્યું, તો હું મળ્યો એનો અર્થ શો ? આવું મને ઈગોઈઝમ હતો. હું મળ્યો એટલે ! 'હું' એટલે શું ? દૈ (દેવ) જાણે, તે દહાડે બીજાનું ભલું કરવા રામ નીકળ્યા !

## કાઢ્યું ફ્રી ઑફ કૉસ્ટ દવાખાનું

મામાની પોળમાં આજુબાજુ બધાને કહી દીધેલું કે અમે ડૉક્ટર છીએ ઘરના. તે જેને કંઈ અડચણ હોય તે કહેવું. તે અમારે વગર ફીના ડૉક્ટર સારા. વગર ફીના ડૉક્ટર શું ખોટા ? અડચણ ઓછી થઈ જાય ને, પેલાને તો !

**પ્રશ્નકર્તા :** આપની વાતમાં બહુ મજા આવે છે. એ વર્ણન કરો ને !

**દાદાશ્રી :** લાઈફ બહુ જુદી જાતની ગયેલી ને, તેથી આ જ્ઞાન હાજર થયું. પૈસાની જરૂર નહીં, કશું લોભ-બોભ નહીં. ઘેર બેઠો હોઉં ને, તો સવારના પહોરમાં, પેલું દવાખાનું હોય ને, તે દવાખાનાની પેઠ ચાર-પાંચ જણ આવી જાય. કહે, 'મારે નોકરીનું હમણે ઠેકાણું નથી પડતું, તે તમારે પંચાયત ખાતામાં ઓળખાણ ખરી ને ? એલેમ્બિકમાં (એ નામનું કારખાનું) તમારી ઓળખાણ છે ને ?' પછી ચિઠ્ઠી લખી આપું એને. એટલે નોકરીવાળાને નોકરી, ધંધાવાળાને ધંધો ના ચાલતો હોય, તો એને દેખાડું સારા સારા રસ્તા. આવું ફ્રી ઑફ કૉસ્ટ દવાખાનું કોણ કાઢે ? તમે ફ્રી ઑફ કૉસ્ટ કાઢ્યું છે દવાખાનું ? કૉસ્ટ લઈને કરો છો ને ?

અમારે બેંકમાં લાંબું ના હોય, એટલે પૈસા-બૈસા નહીં પણ મૂળથી સ્વભાવ એવો કે ઘરનું (પોતાના સ્વાર્થનું) કામ જ નથી કર્યું. અને ઉદયમાં આવે તેમ વર્ત્યો છું. ઘેર જે કોઈ આવે ને, તેને પૂછું કે 'તમારે શું અડચણ છે ? તમારું આમ થયું કે ના થયું ? બાયડી જોડે વઢવાડ થઈ'તી, તે રાગે પડ્યું કે નથી પડ્યું ? તમે આપઘાત કરવાનો તે વખતે વિચાર કરતા'તા, તે વિચારો બંધ થઈ ગયા કે નથી થયા ?' આનું આ જ કરેલું છે આખી જિંદગી. આખો દહાડો આ જ ભાંજગડ, બીજી નહીં. જે કોઈ આવે ને, તેને આવું આવું પૂછવાનું. એને શું દુઃખ છે ? શેના દુઃખમાં છે એ પૂછવાનું. ગમે તે ટાઢ હોય, તડકો હોય, વરસાદ હોય, તો અમે એ રીતે કરેલું બધું અત્યાર સુધી.

### જગતને હેલ્પફુલ થતા પહોંચાય અંતિમ ધ્યેયે

તમે કશું લૂંટી લીધા દાદાને ?

**પ્રશ્નકર્તા :** હા, લૂંટ્યા જ છે ને !

**દાદાશ્રી :** કારણ કે આવું લૂંટવાનો ફરી વખત નહીં મળે. અને તમારું દુઃખ ના રહેવું જોઈએ. મને ભેગા થયા પછી જો દુઃખ રહેતું હોય, તો હું ભેગો થયેલો નકામો છું. એ તો જાણે કે સ્કૂલમાં હતો ત્યારેય એ ટેવ હતી. આ જ્ઞાન થયા પછી તો આ ટેવ, કે આ લોકોને કાયમનું દુઃખ જવું જોઈએ. અને પેલું જ્ઞાન નહોતું થયું ત્યાં સુધી, કંઈક દુઃખ હોય તો આપણે એને હેલ્પ કરીએ એમાં. એ જ કામ, હેલ્પ કર્યા જ કરવી. ગમે તે રસ્તે હેલ્પ કરતો'તો. આખી જિંદગી હેલ્પિંગમાં (મદદ કરવામાં) જ ગયેલી છે. અને મારો જીવનનો ધ્યેય સફળ થઈ ગયો છે. અને કેટલાય લોકો મારા હાથથી સફળ થયા. એટલે તું કંઈક ધ્યેય નક્કી કરજે એવો કે જગતને ઉપકારી થઈ પડીએ. જગત એટલે અમુક માણસોને, અમુક વધુ પડતા માણસોને આપણે હેલ્પફુલ થઈ પડીએ, ઉપકારી થઈ પડીએ અને એ જ આપણો માર્ગ ! ધ્યેયે જતા જતા જતા આપણો ધ્યેય સંપૂર્ણ કરવાનો રસ્તો જ આ.

### વ્યવહારમાં દાદાની સૂક્ષ્મ શોધખોળો

ક્રમિક માર્ગ એટલે શુદ્ધ વ્યવહારવાળા થઈ શુદ્ધાત્મા થાઓ અને અક્રમ માર્ગ એટલે પહેલાં શુદ્ધાત્મા થઈને પછી શુદ્ધ વ્યવહાર કરો. શુદ્ધ વ્યવહારમાં વ્યવહાર બધોય હોય, પણ તેમાં વીતરાગતા હોય. એક-બે અવતારમાં મોક્ષે જવાના હોય ત્યાંથી શુદ્ધ વ્યવહારની શરૂઆત થાય. શુદ્ધ વ્યવહાર સ્પર્શે નહીં તેનું નામ 'નિશ્ચય' ! વ્યવહાર એવી રીતે પૂરો કરવાનો કે નિશ્ચયને સ્પર્શે નહીં.

હવે આપણે શુદ્ધાત્મા થયા પછી શુદ્ધાત્મા તો નિરંતર શુદ્ધ જ રહે છે, કાયમને માટે. એ પદ આપણે આજુબાજુના એના આધારે જોઈ શકીએ કે ઓહોહો, આ કોઈને દુઃખ થતું નથી, કોઈને એ થતું નથી, માટે આપણે શુદ્ધ થયા છીએ. જેટલી અશુદ્ધિ એટલી સામાને અડચણ અને પોતાને અડચણ. પોતાની અડચણ મટી જાય ક્યારે ? 'આ' જ્ઞાન મળે ત્યારે. અને પોતાનાથી સામાની અડચણ મટી જાય ત્યારે આપણે પૂર્ણ થયા.

આ 'અક્રમ વિજ્ઞાન' વ્યવહારને છંછેડતું નથી. દરેક 'જ્ઞાન' વ્યવહારને તરછોડે છે. આ વિજ્ઞાન વ્યવહારને કિંચિત્‌માત્ર તરછોડતું નથી. અને પોતાની રિયાલિટીમાં સંપૂર્ણ રહીને વ્યવહારને તરછોડતું નથી. વ્યવહારને તરછોડે નહીં તે જ સૈદ્ધાંતિક વસ્તુ હોય. સૈદ્ધાંતિક વસ્તુ કોને કહેવાય કે જે ક્યારેય પણ અસિદ્ધાંતપણાને ના પામે તેનું નામ સિદ્ધાંત કહેવાય. કોઈ એવો ખૂણો નથી કે અસિદ્ધાંતપણાને પામે. એટલે આ 'રિયલ સાયન્સ' છે, 'કમ્પ્લીટ સાયન્સ' છે. વ્યવહારને કિંચિત્‌માત્ર ના તરછોડાવે.

અમે આ સંસારની બહુ સૂક્ષ્મ શોધખોળ કરેલી. છેલ્લા પ્રકારની શોધખોળ કરીને અમે આ બધી વાતો કરીએ છીએ. વ્યવહારમાં કેમ કરીને રહેવું તેય આપીએ છીએ અને મોક્ષમાં કેવી રીતે જવાય તેય આપીએ છીએ. તમને અડચણો કેમ કરીને ઓછી થાય એ અમારો હેતુ છે.

મનુષ્ય જ્યારથી કોઈને સુખ આપતો થયો ત્યારથી ધર્મની શરૂઆત થઈ. પોતાના સુખનું નહીં, પણ સામાની અડચણ કેમ કરીને દૂર થાય તે જ રહ્યા કરે, ત્યાંથી કારુણ્યતાની શરૂઆત થાય. અમને નાનપણથી જ સામાની અડચણ દૂર કરવાની પડેલી. પોતાના માટે વિચારેય ના આવે તે કારુણ્યતા કહેવાય. તેનાથી જ 'જ્ઞાન' પ્રગટ થાય.

**- જય સચ્ચિદાનંદ**

## સર્વનો અહમ્ પોષી, વીતરાગ ચાલી જાય

**પ્રશ્નકર્તા :** 'માનીને માન આપી, લોભિયાથી છેતરાય,
સર્વનો અહમ્ પોષી, વીતરાગ ચાલી જાય.'

**દાદાશ્રી :** સર્વનો અહમ્ પોષી વીતરાગ ચાલ્યા જાય. એનો અહમ્ પોષાઈ જાય બિચારાને ! એટલે આપણે થયું, છુટકારો થઈ ગયો ને ! કંઈ રૂપિયા ઠેઠ આવવાના છે ? અહીં છેતરાઈ જાવ ને આમ. આ નહીં તો એમ ને એમ છેતરાઈ જશો. નિર્વારસી લોકો વારસદાર થશે. એના કરતા આ લોકોને લઈ લેવા દો, છેતરવા દો ને ! કોઈ આપણું છે નહીં. છેતરવા દો ને, છેતરવા આવ્યો તેને. છેતરવા આવ્યો તેનું મોઢું શું કરવા દબાઈએ ?

**પ્રશ્નકર્તા :** હવે તમારી પાસેથી પૈસા લીધા તો એની શી દશા ? એને લાભ કે ગેરલાભ ? તમને છેતરીને પૈસા લઈ ગયો તો એને લાભ કે ગેરલાભ ?

**દાદાશ્રી :** એ એનું જે થવાનું હોય તે થાય. મારી શિખામણથી એમ નથી કર્યું ! અમે તો એની વૃત્તિ પોષી છે. કૂતરું ખાવા આવ્યું તો ભલે ને, અણહકનું ખાવા આવ્યું, પણ લાપોટ અમે નથી મારી, ખઈ જા, બા. એનો ગેરલાભ થાય. એ તો અણહકનું લે એટલે ગેરલાભ થાય જ ને ! પણ અમારો મોક્ષ ખુલ્લો થયો ને ! વીતરાગ ચાલ્યા જાય, સર્વનો અહમ્ પોષીને. અહમ્ ના પોષીએ તો જવા જ ના દે ને, આ લોકો. જવા દે કે ? 'અમારું આ બાકી રહ્યું, અમારું આ બાકી રહ્યું, એ પોષો.' જવા દે કોઈ ?

**પ્રશ્નકર્તા :** ના જવા દે.

**દાદાશ્રી :** ફાધર-મધર જવા દે, નહીં ?

**પ્રશ્નકર્તા :** જવા દે.

**દાદાશ્રી :** કોઈ જવા ના દે. 'તેં તો મારું કશું ધોળ્યું નહીં', કહે. અલ્યા મૂઆ, આવો બદલો ખોળો છો ? બદલો તો સહજાસહજ મળે તો સાચી વાત. નહીં તો મા-બાપને બદલો ખોળવાનો હોય ? બદલો ખોળે એ મા-બાપ જ ના કહેવાય ને ! એ તો ભાડૂતી કહેવાય.

સમજીને છેતરાનારા ઓછા હોય, નહીં ?

**પ્રશ્નકર્તા :** હોય જ નહીં, ના હોય.

**દાદાશ્રી :** તો મોક્ષનો માર્ગેય મળી આવે ને ! જાણીજોઈને છેતરાયેલા એ મોક્ષે ગયેલા અને અજાણથી છેતરાય એ તો ભટકવાનો માર્ગ. આખું જગત અજાણથી છેતરાઈ રહ્યું છે ને ! અને હું તો જાણીને છેતરાયેલો છું.

**- પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત**

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## Atmagnani Pujya Deepakbhai's USA - Canada Schedule - 2023

USA & Canada: +1-877-505-DADA (3232) Email - info@us.dadabhagwan.org

| Date | Day | From | To | Event | Venue |
|---|---|---|---|---|---|
| 12-Jul | Wed | 10:30 AM | 12:30 PM | Aptaputra Satsang | (Houston, TX) Gujarati Samaj Hall, Houston, 9550 W Bellfort Ave, Houston, TX 77031 |
| 12-Jul | Wed | 5:30 PM | 8:00 PM | Satsang | |
| 13-Jul | Thu | 6:00 PM | 8:00 PM | Satsang | |
| 15-Jul | Sat | 11:00 AM | 12:30 PM | Aptaputra Satsang | (Chicago, IL) Haridham Chicago Temple, 540 Martingale Road, Schaumburg, IL 60193 |
| 15-Jul | Sat | 4:30 PM | 7:30 PM | Gnanvidhi | |
| 16-Jul | Sun | 5:30 PM | 7:00 PM | Satsang | |
| 17-Jul | Mon | 7:00 PM | 9:00 PM | Satsang | |
| 20-Jul | Thu | 7:30 PM | 10:00 PM | Satsang | (San Jose, CA) Shubham, 1214 Apollo Way, Suite 404B, Sunnyvale, CA 94085 |
| 21-Jul | Fri | 7:30 PM | 10:00 PM | Satsang | |
| 22-Jul | Sat | 10:00 AM | 12:00 PM | Aptaputra Satsang | |
| 22-Jul | Sat | 5:00 PM | 8:00 PM | Gnanvidhi | |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ

**૧૨ ઓગષ્ટ** (શનિ) સાંજે ૫-૩૦ થી ૭ - **સત્સંગ** તથા **૧૩ ઓગષ્ટ** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૫ ઓગષ્ટ** (મંગળ) - **પૂજ્યશ્રીના નવા આવાસ 'વાત્સલ્યનું' ઉદ્‌ઘાટન**

**૩૦ ઓગષ્ટ** (બુધ) - **રક્ષાબંધન નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૭ સપ્ટેમ્બર** (ગુરુ) રાત્રે ૧૦ થી ૧૨-૧૫ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

**૧૧ સપ્ટેમ્બર** (સોમ) - **પૂજ્યશ્રીના દર્શનનો કાર્યક્રમ (ગુરુ પૂર્ણિમા દર્શન)**

**૧૨ થી ૧૯ સપ્ટેમ્બર : આપ્તવાણી ૧૪ ભાગ-૩** ગ્રંથ પર **પર્યુષણ પારાયણ**

**નોંધ :** આપ્તવાણી ૧૪ ભાગ-૩ પેજ નં ૨૩૯થી વાંચન, 'અવધિજ્ઞાન, સુખ વધારે દેવોને' હેડિંગથી.

- પારાયણમાં ભાગ લેવા **'AKonnect'** દ્વારા અથવા પોતાના સેન્ટરમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

### પૂણે

**૧૮ ઓગષ્ટ** (શુક્ર) સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૧૯ ઓગષ્ટ** (શનિ) સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ગણેશ કલા ક્રીડા મંચ, નેહરુ સ્ટેડિયમ કેમ્પસ, સ્વારગેટ બસ સ્ટેન્ડ પાસે, પૂણે. **સંપર્ક :** ૭૮૭૫૭૪૦૫૬૬

### રાયપુર

**૨૨ ઓગષ્ટ** (મંગળ) સાંજે ૪-૩૦ થી ૭-૩૦ - **સત્સંગ** તથા **૨૩ ઓગષ્ટ** (બુધ) સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** પંડિત દિન દયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ, સાયન્સ કોલેજ પરિસર, અમનકા, જીઈ રોડ, રાયપુર.
**સંપર્ક :** ૮૮૮૯૯૪૪૩૩૩

### દિલ્હી

**૨૬ ઓગષ્ટ** (શનિ) સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૨૭ ઓગષ્ટ** (રવિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** તાલકટોરા ઇન્ડોર સ્ટેડિયમ, તાલકટોરા એલએન, તાલકટોરા ગાર્ડન, રાષ્ટ્રપતિ ભવન એરિયા, નવી દિલ્હી. **સંપર્ક :** ૯૮૧૦૦૯૮૫૬૪



# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર



## ભારત

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯ થી ૧૦
- **'અરિહંત'** ચેનલ પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- **'સાધના ઓલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮ અને સાંજે ૮ થી ૯
- 'दूरदर्शन उत्तरप्रदेश' पर हर रोज़ दोपहर 3 से 4 ( हिन्दी में )
- 'साधना' पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 ( हिन्दी में )
- 'दूरदर्शन सह्याद्रि' पर हर रोज़ सुबह 7 से 7-45, शनि-रवि सुबह 11-30 से 12,
  सोम से शुक्र दोपहर 3-30 से 4 ( मराठी में )
- 'आस्था कन्नड़ा' पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 ( कन्नड़ा में )
- 'दूरदर्शन चंदना' पर हर रोज़ शाम 6-30 से 7
- 'आस्था हिन्दी' पर हर रोज़ रात 10 से 10-20 ( हिन्दी में )

## USA - Canada

- **'TV Asia'**- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

## U K

- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

## Australia

- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

## Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

## USA - UK - Africa - Australia

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦
  ( ડિશ ટીવી ચેનલ **UK-૮૪૯**, **USA-૭૧૯** ) ( ગુજરાતી અને હિન્દીમાં )

જુલાઈ ૨૦૨૩
વર્ષ-૨૮, અંક-૧૧
સળંગ અંક-૩૩૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## જ્ઞાની શીખવાડે આદર્શ વ્યવહાર

આ જે વ્યવહારમાં પૈસાની લેવડ-દેવડ વગેરેમાં વ્યવહાર છે, એ તો સામાન્ય રિવાજ છે, તેને અમે વ્યવહાર નથી કહેતા. આપણાથી કોઈનેય દુઃખ ના થવું જોઈએ તે જોવાનું ને દુઃખ થયું હોય તો પ્રતિક્રમણ કરી લેવું તેનું નામ આદર્શ વ્યવહાર ! અમારો આદર્શ વ્યવહાર હોય. અમારા થકી કોઈનેય અડચણ થઈ હોય એવું બને નહીં. કોઈના ચોપડે અમારી અડચણ જમે નહીં હોય. અમને કોઈ અડચણ આપે ને અમે પણ અડચણ આપીએ તો અમારામાં ને તમારામાં ફેર શો ? મોક્ષે જવા આદર્શ વ્યવહાર જોઈશે. આદર્શ વ્યવહાર એટલે કોઈ જીવને કિંચિત્ માત્ર દુઃખ ના થાય તે. ઘરના, બહારના, આડોશી-પડોશી કોઈને પણ આપણા થકી દુઃખ ના થાય તે આદર્શ વ્યવહાર કહેવાય.

**- દાદાશ્રી**



માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છાપી પ્રકાશિત કર્યું.